

# જાગ રે !
# જૈન સમાજ

મુનિશ્રી જિનચન્દ્રજી

# જાગ રે... જૈન સમાજ


પ્રવચનકાર

મુનિશ્રી જિનચન્દ્રજી મહારાજ

(બંધુત્રિપુટી)



પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ : તીથલ, ભારત

**JAG RE JAIN SAMAJ**

A discourse on awarness of Jain Society

**MUNISHREE JINCHANDRA VIJAYJI**

**© PRERNA PRAKASHAN TRUST**

**First Edition, 1989**
**Third Edition, 2005**

**Copy : 1000**

**Price : Rs. 20/-**

**Title Photo**
Anil Vanzara - Nalin Suchak
Rajkot.

**Typesetting**
Pravin Desai
Ahmedabad Ph. 26461997

**Printer**
Urmi Printers
Ahmedabad. Ph. 25620838

**Publisher**
**PRERNA PRAKASHAN TRUST**
Shantiniketan Sadhana Kendra
Tithal, Dist. : Valsad, Gujarat.
Pin 396 006 INDIA
Phone : (02632) 248074

# જરા આટલું વાંચી લો...

આજે સમગ્ર વિશ્વ એક સંક્રાન્તિ કાળમાંથી પસાર થઈ રહ્યું છે. ક્યારે ક્યાં શું બનશે તે કલ્પી શકાય તેવું નથી. દરેક ક્ષેત્રે અનેક ઉથલપાથલો, અંધાધૂંધીઓ અને સમસ્યાઓ દેખા દઈ રહી છે. ધાર્મિકક્ષેત્ર પણ આમાંથી બાકાત કેમ રહી શકે ? વિવિધ ધર્મ-સંપ્રદાયો પણ આજે પરિવર્તનના આરે આવીને ઊભા છે. તેમની રૂઢ માન્યતાઓ, જુગજૂની પરંપરાઓ અને બાહ્ય માળખાઓમાં મોટા વિસંવાદો ઊભા થતા જાય છે અને દરેક સમાજ ઊંડું મનોમંથન અનુભવી રહ્યો છે કે હવે શું કરવું જોઈએ ?

સમાજમાં એક વહુ મોટો વર્ગ એવો છે કે, જે કહેવાતા બુદ્ધિવાદની અસર નીચે આવી જઈને ભૌતિકતા અને નાસ્તિકતા તરફ ઢસડાઈ રહ્યો છે. જ્યારે બીજો એક મોટો વર્ગ એવો પણ છે, જે કહેવાતી ધાર્મિકતાના નામે સાંપ્રદાયિક માળખાંઓ, પરંપરાગત રૂઢિઓ અને તેના કદાગ્રહમાં બંધાયેલો રહીને દંભ, આડંબર, ક્રિયા-જડતા તથા અંધશ્રદ્ધાને પોષતો રહે છે અને સંઘમાં કે સમાજમાં અનેક વિસંવાદો સર્જતો રહે છે. પરિણામે ભલભલા સજ્જનોની પણ ધર્મશ્રદ્ધા ચલિત થઈ જાય તેવું વાતાવરણ દેખાઈ રહ્યું છે.

જૈનસમાજ પણ આજે કેટકેટલી આંતરિક સમસ્યાઓથી ઘેરાયેલો છે ! નાની નાની વાતોના કદાગ્રહો, અહં-મમ જનિત આંતરિક સંઘર્ષો, અનેકાંત દૃષ્ટિનો અભાવ, આચાર્યોની નિષ્ક્રિયતા, અધિકારીઓની આપખુદશાહી અને ચતુર્વિધ સંઘની નિર્નાયક દશાના કારણે જે વિકટ પ્રશ્નો ઊભા થયા છે તે કોઈ પણ સહૃદયી વિચારકને ચિંતા અને ગ્લાનિ ઉપજાવે તેવા છે.

આ અંગે ઠેકઠેકાણે ચર્ચાઓ થાય છે, ઉપાયો વિચારાય છે અને સહુ સહુની સમજણ મુજબના પ્રયત્નો પણ થતા રહે છે. આવા જ એક પ્રયત્નરૂપે આજથી દશેક વર્ષ પૂર્વે (૧૯૮૭ માં) પૂજ્ય બંધુત્રિપુટી મુનિવરોના સાન્નિધ્યમાં મુંબઈમાં -ત્રિશલાનગરમાં 'જૈન વિચારક સંમેલન' મળ્યું હતું. જેમાં ચુમ્માલીસ જેટલા વક્તાઓએ ભાગ લીધો હતો અને પોતપાતાના વિચારો રજૂ કર્યા હતા.

સંમેલનના સમાપન રૂપે યુવાનોમાં અને બુદ્ધિશાળી વર્ગમાં ખૂબ જ લોકપ્રિય બનેલા મુનિશ્રી જિનચંદ્રજી મહારાજ (બંધુત્રિપુટી)એ 'જાગ રે જૈન સમાજ...' એ નામે એક વિચારપ્રેરક પ્રવચન આપ્યું હતું. લગભગ અઢી કલાક સુધી અસ્ખલિતપણે હજારોની માનવ-મેદનીને સંબોધતાં મુનિશ્રીએ પોતાના આ વિચારપ્રેરક પ્રવચનમાં જૈન સમાજની વર્તમાન અનેક સમસ્યાઓની વિશદ છણાવટ કરી હતી.

અનેકાંત દૃષ્ટિ અને વ્યવહારૂ અભિગમ સાથે મુનિશ્રીના મુખમાંથી વહી નીકળેલી એ ધર્મવાણીને (કેટલાક સુધારા વધારા સાથે)અહીં અક્ષરદેહ આપવાનો પ્રયત્ન કર્યો છે.

અક્ષરદેહે સંકલિત આ પ્રવચન આ પૂર્વે લોકપ્રિય બે માસિક પત્રો 'માંગલિક' અને 'શાંતિનિકેતન'માં ધારાવાહિક રૂપે પ્રગટ થઈ ચૂક્યું છે. અને તેણે વિચારક વર્ગમાં ખૂબ જ આકર્ષણ જમાવ્યું હતું. ભાવિકોની માંગણીને લક્ષ્યમાં લઈને, તે પ્રવચન પછીથી પુસ્તિકારૂપે પણ અમે પ્રગટ કર્યું હતું. હાલ ઘણા સમયથી એ પુસ્તિકા પણ અપ્રાપ્ય બની ચૂકી છે અને તેની માંગ સતત ચાલુ રહી છે એટલે આજે નવા રૂપરંગમાં એ પ્રવચનનું પુનર્મુદ્રણ કરી તેની નવી આવૃત્તિ સમાજના ચરણે ધરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

આ વિશિષ્ટ પ્રવચનનું અવતરણ, સંકલન અને સંપાદન કરવાનું અને તે દ્વારા આ ક્રાંતિકારી વિચારધારાને હજારો લોકો સુધી પહોંચાડવાનું શ્રેય : શ્રી અશોક શાહના ફાળે જાય છે. તેમને અંતરના અભિનંદન...

જેમના હૃદયમાં જૈનધર્મ પ્રત્યે કે જૈનસમાજ પ્રત્યે મમત્ત્વ છે, તેવા સહુ સજ્જનોને સાંપ્રદાયિક પૂર્વગ્રહો કે વૈચારિક આગ્રહોથી મુક્ત થઈ તટસ્થ ભાવે આ પુસ્તિકા અવગાહવા અમારી નમ્ર વિનંતી છે.

**ટ્રસ્ટી મંડળ, પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ**



ભગવાન મહાવીરે એમના અંતિમ ઉપદેશમાં એમના પ્રથમ શિષ્ય ઇન્દ્રભૂતિ ગૌતમને (ગૌતમ સ્વામીને) સંબોધીને કહ્યું હતું : 'समयं गोयम मा पमायए' હે ગૌતમ ! તું એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિં. સદા અપ્રમત્ત રહેજે... સદા જાગૃત રહેજે. જાગૃતિ એજ જીવન છે, પ્રમાદ એ જ મૃત્યુ છે.'

પ્રભુ મહાવીરની આ વાણી આપણે સતત યાદ રાખવા જેવી છે. આપણા સંતો કહેતા જ આવ્યા છે કે 'जो जागत है, वो पावत है । जो सोवत है, वो खोवत है ।' જે જાગે છે, એ કંઈક પ્રાપ્ત કરી લે છે અને જે ઊંઘતો રહે છે, એ ગુમાવતો જ રહે છે. જીવનના દરેક ક્ષેત્રે આપણે જો નજર નાંખીશું તો આપણને આ સત્યની પ્રતીતિ થશે.

**ભારતનું ઉત્થાન અને પતન :**

ભારતની એ ગૌરવવંતી પરંપરા રહી છે, અને એનું એક સદ્ભાગ્ય રહ્યું છે કે આ ભૂમિ પર યુગે યુગે અનેક સંતો, મહંતો અને અરિહંતો થતાં જ આવ્યા છે. અને એ સૌએ વિશ્વને પ્રકાશનો માર્ગ ચીંધ્યો છે. અને તેનું જ આ પરિણામ છે કે સમગ્ર વિશ્વની અંદર આધ્યાત્મિક દૃષ્ટિએ તથા સાંસ્કૃતિક દૃષ્ટિએ ભારત પોતાનું ઉન્નત મસ્તક રાખી શકે અને ગૌરવ લઈ શકે એવી ક્ષમતા આજે પણ ધરાવે છે.

વૈદિક પરંપરા, જૈન પરંપરા અને બૌદ્ધ પરંપરાના ત્રિવેણી સંગમના કિનારે કિનારે ભારતીય સંસ્કૃતિ વિકસતી રહી છે. વિવિધતાની વચ્ચે એકતા એ આપણો મંત્ર રહ્યો છે. ભિન્નભિન્ન અનેક ધર્મ પરંપરાઓ આ ધરતી ઉપર આવિર્ભાવ પામતી રહી છે અને વિસ્તરતી રહી છે. ભારત એ ધર્મપ્રધાન અને અધ્યાત્મપ્રધાન દેશ હોવાથી પ્રાચીનકાળથી ભારતમાં ધાર્મિક અને આધ્યાત્મિક પુરુષો પ્રત્યે પ્રજામાં આદર, બહુમાન અને ભક્તિનો ભાવ સતત વિકસતો રહ્યો છે, અને પ્રજાને સન્માર્ગે દોરવાનું કાર્ય ભારતના એ સંતો, મહંતો અને અરિહંતો કરતા જ રહ્યા છે.

ધર્મનું કાર્ય સમાજને જોડવાનું છે, તોડવાનું નહિ. જે ભેદમાંથી અભેદમાં લઈ જાય એ જ સાચો ધર્મ. ધર્મ વિશેની આવી સમજણ અને જાગૃતિ જ્યાં સુધી પ્રજામાં હતી ત્યાં સુધી ભારતીય પ્રજા એક હતી. પરંતુ જ્યારથી આ જાગૃતિ ભૂલાવા માંડી, ધર્મના આંતરિક તત્ત્વને બદલે બાહ્ય માળખાંઓનું મહત્ત્વ વધવા માંડ્યું ત્યારથી ધર્મને બદલે સંપ્રદાયવાદ ધીરે ધીરે ફેલાતો

ગયો.ભાષાવાદ વકરતો ગયો, જ્ઞાતિવાદ વકરતો ગયો અને નવા નવા વકરતા આ વાદોએ, વિવાદોએ, વિખવાદોએ ભારતની એકતાને ખંડિત કરવાનું પાપ કર્યું છે.

કોઈ પણ ધર્મની પરંપરા કદાચ આનાથી મુક્ત રહી શકી નથી તેમ જૈન પરંપરા પણ એનાથી મુક્ત રહી શકી નથી.

ભગવાન તીર્થંકર દેવોએ સમગ્ર વિશ્વના કલ્યાણ માટે જે ધર્મમાર્ગનો ઉપદેશ આપ્યો, તેમાં સમત્ત્વની સાધના મુખ્ય હતી. સમત્ત્વની સાધના માટે ભગવાન મહાવીરે અનેકાંતદષ્ટિનું દાન કર્યું. સ્યાદવાદમય ભાષા પદ્ધતિ શીખવાડી. પરંતુ ભગવાનની અનેકાંતદષ્ટિને ભૂલીને મહાવીરના અનુયાયીઓ એકાંતવાદી બન્યા ત્યારથી જૈન પરંપરાનું ગૌરવ ખંડિત થવા લાગ્યું.

જે ભગવાન મહાવીરે સાપેક્ષ દષ્ટિથી સૌને સમજવાની અને સહુને સમાવવાની ઉદારતાભરી વાતો કરી, એ જ ભગવાન મહાવીરના ઉપાસકોએ પાછળથી બીજાને ન સમજવાની અને ન સમાવવાની ભૂમિકાઓ કેળવીને ભગવાન મહાવીરના શાસન ઉપર કુઠારાઘાતો શરૂ કરી દીધા.

પોતપોતાની માન્યતા તથા વિચારના આગ્રહને કેન્દ્રમાં રાખીને આ અનેકાંતમાર્ગના ઉપાસકો પણ અસહિષ્ણુ બનવા લાગ્યા, એકાંતવાદી બનવા માંડ્યા, એકાંગી બની ગયા. અને ત્યારથી અવિચ્છિન્ન પરંપરાનો આ મોક્ષમાર્ગ પણ જૂદી જૂદી સાંપ્રદાયિક પરંપરાઓમાં વિભક્ત થતો ગયો.

જેમ જેમ આ કાર્ય આગળ ધપતું ગયું, તેમ તેમ તીર્થંકરોનું આ ધર્મશાસન અનેક ભાગોમાં વહેંચાતું ગયું. સૌથી પહેલા

ભગવાન મહાવીરના નિર્વાણ પછી છઠ્ઠી શતાબ્દીમાં આ ધર્મના બે ફાંટાઓ પડ્યા. 'દિગમ્બર' અને 'શ્વેતામ્બર' એમ બે ભાગમાં આ સમાજ વહેંચાયો.

કાળ કાળનું કામ કરે છે. સદીઓ દરમ્યાન એમાંથી પાછા અનેક ભેદો અને પ્રભેદો વધતા ગયા. અને આજે પ્રભુ મહાવીરના ઉપાસકોના આ વર્ગની પરિસ્થિતિનું જો અન્વેષણ કરીએ તો ઘડીભરને માટે કોઈ પણ સહૃદય વિચારક ગ્લાનિ અનુભવે એવી કોઈક વિકટ પરિસ્થિતિનો સામનો આજે આપણે કરી રહ્યા છીએ.

ભગવાન મહાવીરની અનેકાંત દૃષ્ટિ અને સમન્વયાત્મક ધર્મને ભૂલીને આજે એ જ પ્રભુ મહાવીરના ધર્મના આરાધકો અને ઉપાસકો એવા આપણે, કેટકેટલા ફાંટાઓમાં વહેંચાઈ ગયા !

'શ્વેતામ્બર' અને 'દિગમ્બર' એમ બે ભેદો પડ્યા. પછી દિગમ્બરોમાં પણ અવાન્તર ભેદો પડ્યા. શ્વેતામ્બરોમાં પણ 'મૂર્તિપૂજક સંપ્રદાય' અને 'સ્થાનકવાસી સંપ્રદાય'ના મોટા બે ભેદો પડ્યા. વળી એ બંનેમાં પણ પાછા અવાન્તર ભેદો પડતા મૂર્તિપૂજક સંપ્રદાય પણ અનેક ગચ્છોમાં વહેંચાતો ગયો.

અચલગચ્છ, તપાગચ્છ, ખરતરગચ્છ, વિમલગચ્છ, લોકાગચ્છ વિગેરે... કેટકેટલા ગચ્છોમાં મૂર્તિપૂજક સંપ્રદાય વિભક્ત થતો ગયો.

આ બાજુ સ્થાનકવાસી સંપ્રદાય પણ આગળ જતાં 'સ્થાનકવાસી' અને 'તેરાપંથી' એમ બે ટૂકડામાં વહેંચાયો.

સ્થાનકવાસી સંપ્રદાય પણ 'છ કોટી' અને 'આઠ કોટી'માં વહેંચાયો.

આઠ કોટી સંપ્રદાય 'મોટી પક્ષ' અને 'નાની પક્ષ'માં વહેંચાયો.

આમ ભગવાન મહાવીરના એક જ છત્રની નીચે એકત્રિત થયેલા આપણે બધાએ પોતપોતાની જૂદી જૂદી છત્રીઓ ઊભી કરી દીધી.

એક અને અખંડ એવા આ મહાવીરદેવના ધર્મશાસનની આરાધના કરતો આ ચતુર્વિધ સંઘ, જે સંઘ કોઈક વિશિષ્ટ ગૌરવને પ્રાપ્ત કરી ચૂકેલો હતો, જે સંઘ આ વિશ્વને કોઈક વિશિષ્ટ અનુદાન આપી શકે એવો હતો, એવા આ સંઘની શક્તિઓ સર્જનને બદલે વિસર્જનમાં વપરાવા લાગી.

આપણે આપણને મળેલી પરંપરા, આપણને મળેલું માળખું, આપણને મળેલા વિચારો, આપણને મળેલો મત અને પંથ, એના આગ્રહમાં એવા અટવાયા... અને એમાં એવા બંધાયા, કે મહાવીરનો ધર્મ બંધનમાંથી મુક્તિમાં જવાનો છે, એ વાત ભૂલાણી અને મુક્ત દશામાંથી વધુ જટીલ બંધનોમાં આપણે ફસાતા ગયા.

આ બધાનાં મૂળમાં જો વિચારવા જઈએ તો, મહાવીરની અનેકાન્તદષ્ટિની થયેલી ઉપેક્ષા છે. જો આ અનેકાન્તદષ્ટિને સ્વીકારવામાં આવે તો, સંપ્રદાય ભલે રહે, પણ સંપ્રદાયવાદ ટકી નહિ શકે.

કદાચ તમને ખ્યાલ નહિ હોય, ગચ્છો અને પક્ષો તો

પ્રાચીનકાળમાં પણ હતા. આપણે ત્યાં ચોર્યાસી ગચ્છો હતા. હવે તો એમાંથી ગણત્રીના જ રહ્યા છે. આમ જોવા જઈએ તો, આજે તો બહુ સારો કાળ આવ્યો છે, જો આપણું મગજ થોડુંક ઠેકાણે રહે તો !

આજે તો એ ચોર્યાસી ગચ્છોના નામ પણ આપણને પૂરા નથી આવડતા. પણ આટલા બધા ગચ્છો હોવા છતાં, મહાવીરના નામે, અનેકાન્તદૃષ્ટિના નેજા હેઠળ અને વીતરાગધર્મના ઉપાસક તરીકે સકલ સંઘ એક હતો. ગચ્છો જૂદા હતા, પણ ગચ્છવાદ નહોતો. આજે ગચ્છ ઓછા થયા પણ ગચ્છવાદ બહુ વધી ગયો. અને તેથી પરિસ્થિતિઓ વિષમ બની ગઈ.

આજે આપણા જૈન સંઘની જો કોઈ કરૂણતા હોય, કમનસીબી હોય તો તે આ છે કે, 'આપણે ભગવાન મહાવીરના વીતરાગ ધર્મના અને મોક્ષમાર્ગના ઉપાસક છીએ.' એ વાત ભૂલી ગયા અને 'અમે આ તિથિના છીએ, અમે આ આચાર્યને માનનારા છીએ, અમે આ પક્ષના પ્રેમી છીએ.' આ વાત આપણા મગજની અંદર એવી બંધાઈ ગઈ કે એના કારણે વિરુદ્ધ સંપ્રદાય એટલે કે ભિન્ન વિચારધારામાં, બીજા કોઈ માળખમાં કે અન્ય સંપ્રદાયમાં પણ સત્ય હોઈ શકે છે, એવી પ્રભુ મહાવીરની અનેકાંતદૃષ્ટિનો આપણે છેદ ઉડાડતા થઈ ગયા.

પરિણામે સ્થાનકવાસીઓ મૂર્તિપૂજકોને મિથ્યાત્વી કહી શકતા હોય, મૂર્તિપૂજકો સ્થાનકવાસીઓને મિથ્યાત્વીના ટાઈટલો આપી દેતા હોય, અને મૂર્તિપૂજકોમાં પણ ગચ્છોના કે તિથિના ભેદોમાં એક બીજાની ટીકાટિપ્પણીઓ - નિંદાકુથલીઓ અને

ટાંટિયા ખેંચની પ્રવૃત્તિમાં રાચતા હોય, તો એથી જૈન સંઘનું, જૈન શાસનનું કે જૈન સંસ્કૃતિનું ગૌરવ વધે છે કે ઘટે છે ? એ તો સુજ્ઞ વિચારકોએ વિચારવાનું છે.

અમુક જ ગચ્છમાં, અમુક જ પક્ષમાં કે અમુક જ સંપ્રદાયમાં રહેલા આત્માઓનો મોક્ષ થાય, એવું તો મહાવીરે કોઈ દિવસ કહ્યું જ નથી.

જૈન ધર્મના વર્તમાનકાળના જે ચાર મુખ્ય ભેદો છે, શ્વેતાંબર, દિગમ્બર, સ્થાનકવાસી અને તેરાપંથી. આ ચારે સંપ્રદાયને માન્ય જો કોઈ ગ્રંથ હોય તો તે છે તત્ત્વાર્થસૂત્ર. આ તત્ત્વાર્થસૂત્રના દશ પ્રકરણો છે, અને એમાંનું દશમું પ્રકરણ છે મોક્ષ અધિકાર.

આત્માના મોક્ષ અંગેનું તાત્વિક નિરુપણ તત્વાર્થસૂત્રમાં પરમજ્ઞાની પૂજ્ય શ્રીઉમાસ્વાતિજી મહારાજે કર્યું છે. એમણે મુક્તિ પામનાર આત્માઓના પંદર પ્રકાર બતાવ્યા છે, પંદર પ્રકારે સિદ્ધ થવાય એમ કહ્યું છે.

સ્વલિંગે સિદ્ધ... અન્ય લિંગે સિદ્ધ... ગૃહસ્થ લિંગે સિદ્ધ... સ્ત્રી લિંગે સિદ્ધ... વિગેરે એના ભેદો છે. સ્વલિંગે સિદ્ધ એટલે વીતરાગનો જે ધર્મ છે, એ ધર્મની જે પરંપરા છે, એનાં જે મુનિપણાનો વેશ... (લિંગ એટલે વેશ) છે તે મુનિપણાના વેશમાં સિદ્ધ થઈ શકાય એ વાત તો જાણે સમજ્યા પણ, બીજો પ્રકાર તત્વાર્થસૂત્રમાં બતાડ્યો છે, કે 'અન્યલિંગે સિદ્ધ' એટલે કે જેને વીતરાગનો ધર્મ નથી મળ્યો, જેને તીર્થંકરોનું શાસન નથી મળ્યું. જેણે આ મુનિવેશ નથી સ્વીકાર્યો, એવા કોઈ તાપસ, સંન્યાસી,

વલ્કલધારી... આવા અન્ય કોઈ પણ ધર્મ પરંપરાના વેશમાં રહેલા સાધક આત્માઓ પણ એ વેશમાં અને એ પરંપરામાં સિદ્ધ થઈ શકે એમ તત્ત્વાર્થસૂત્રમાં પૂજ્યશ્રી ઉમાસ્વાતિજી મહારાજે સ્વીકાર્યું છે.

ત્યારે એક જ વિચાર સહૃદયતાપૂર્વક કરવાનો છે કે, જો અન્યલિંગે સિદ્ધ થઈ શકાતું હોય તો વીતરાગના જ માર્ગને માનનારા, 'નમો અરિહંતાણ'ને ગણનારા, વીતરાગતાના આદર્શ સાથે જીવનારા અને તીર્થંકરો પ્રત્યેની શ્રદ્ધા હૃદયમાં ધારણ કરનારા આત્માઓ, પછી ભલે એ મૂર્તિપૂજક હોય કે સ્થાનકવાસી, એને શું સિદ્ધ થવાનો અધિકાર નહિ ? 'અન્ય લિંગે સિદ્ધ' થઈ શકાતું હોય તો વીતરાગના શાસનના જ એક ફાંટામાં જીવનારાને મિથ્યાત્વી કહેવાનો આપણને કોઈ હક્ક ખરો ? જો એમને મુક્તિનો અધિકાર હોય તો સમ્યકત્વનો અધિકાર ન હોઈ શકે?

પરંતુ આ વાત કોને કરવી ? કોણ સમજી શકશે આ વાતને? કારણ કે આપણા ચતુર્વિધ સંઘ માટે આ એક દુર્ભાગ્યની ઘટના છે, કે આપણા સંઘમાં બીજી વાતોને જેટલું મહત્ત્વ અપાયું છે, એટલું મહત્ત્વ 'જ્ઞાન'ને આપવામાં જ નથી આવ્યું.

આપણે કોઈ દિવસ આ જ્ઞાનદૃષ્ટિ કેળવી નથી કે ભગવાન મહાવીરના શાસનમાં તો 'અન્ય લિંગે સિદ્ધ' પણ કબૂલ રાખ્યા છે, ત્યાં વળી આપણા જ સંઘમાં કોઈ અલગ સંપ્રદાયમાં રહેલા આત્માઓની આપણાથી ટીકા કેમ કરાય ? તેઓને આપણે અધર્મી કે મિથ્યાત્વી કેમ કહી શકીએ ? આ વાતનો આપણે વિચાર પણ ન કરી શક્યા, કારણ કે આ જાતની સમજણ જ આપણને કદાચ આપવામાં આવી નથી.

સાધુસમાજ પણ આ રીતે વિચારતો નથી, અને શ્રાવકસમાજે તો જ્ઞાનપ્રાપ્તિની ઉપેક્ષા જ કરી છે અને તેના કારણે સમાજમાં મોટેભાગે એકાંગીપણું આવી ગયું છે. શાસ્ત્રોનો અભ્યાસ ન હોય, જ્ઞાનપ્રાપ્તિનો પુરુષાર્થ ન હોય અને તે દ્વારા અનેકાંતદૃષ્ટિ કેળવાયેલી ન હોય તો બીજું થાય પણ શું ?

જૈનશાસન તો કહે છે : 'જ્યાં એકાંત છે ત્યાં મિથ્યાત્વ છે, જ્યાં અનેકાંતદૃષ્ટિ છે ત્યાં સમ્યક્ત્વ છે.' સમ્યક્ત્વ અને મિથ્યાત્વનો સંબંધ એકાંતદૃષ્ટિ અને અનેકાંતદૃષ્ટિની સાથે અપેક્ષાએ બાંધવામાં આવ્યો છે.

'एगंते मिच्छत्तं' કહીને આપણા જ્ઞાની પુરુષોએ આપણને સાવધાન કર્યા છે કે : 'તમે બધું કરતા હશો, પરંપરાના બધાં માળખાં સાચવ્યા હશે, બધી આચાર મર્યાદાઓ પાળતા હશો, પણ જો એકાંતદૃષ્ટિવાળા હશો તો બધું ય કરવા છતાં પણ કષાયોની પરિણતિ ક્યારે જાગી જશે અને ક્યારે મિથ્યાત્ત્વનો ઉદય આવી જશે તેની ખબર પણ નહિ પડે. તમે ભલે આત્મસંતોષ લેતા રહેશો... ભ્રમણામાં રાચતા હશો કે, 'અમે સાચા છીએ અને અમે જ વીતરાગ માર્ગના ઉપાસક છીએ...' પરંતુ જ્ઞાનીપુરુષોની દૃષ્ટિએ તમે આ ધર્મશાસનની બહાર ક્યારે ફેંકાઈ જશો તેની ખબર પણ નહિ પડે.'

શાસ્ત્રની આ બધી વાતોને વિચારું છું ત્યારે બહુ જ પ્રેમપૂર્વક તમને સહુને કહેવાનું મન થાય છે કે 'હવે જાગો !' જે જાગતા હોય તેમને જગાડવા માટે મારે આજે કાંઈ કહેવાનું રહેતું નથી, પરંતુ જો આપણને લાગતું હોય કે આપણે ઊંઘમાં છીએ,

ગેરસમજણોની... અજ્ઞાનની... અને એકાંતદષ્ટિની ઊંઘ આપણને ઘેરી વળી છે, તો હવે જાગવું જ રહ્યું.

આપણે ઘણું ઊંઘ્યા, હવે જાગવાનો સમય થઈ ગયો છે. જૈન સમાજની આંતરિક પરિસ્થિતિ ઘણી જ વિચારણીય છે. ચતુર્વિધ સંઘના અનેક પ્રશ્નો આજે મોં ફાડીને ઊભા છે ત્યારે, કિંકર્તવ્યમૂઢ થઈને બેસી રહેવાથી કાંઈ નહિ વળે અને સમસ્યાઓને સહૃદયતાથી સમજ્યા વિના, કોરી વાતો કે ચર્ચાઓ કરવાથી પણ કાંઈ નહિ વળે. આજે તો વાતો, ચર્ચાઓ અને એકબીજા ઉપરની આક્ષેપબાજીમાંથી જ જાણે કે આપણો સમાજ ઉંચો નથી આવતો.

જૂની રૂઢિઓ અને ઘરેડમાં જીવનારા લોકો સુધારકોની વાતો કર્યા કરે છે અને એ લોકોની ટીકાઓ કર્યા કરે છે. જ્યારે માત્ર બુદ્ધિવાદીઓ અને પોતાની જાતને સુધારક માનનારા લોકો રૂઢિવાદીઓની ટીકાઓ કર્યા કરે છે. આમ આપણે બધાં વાતો અને ચર્ચાઓમાં જ અટવાયા છીએ.

**જૈન સંઘની એકતાનો પ્રશ્ન :**

જૈન સમાજમાં ચર્ચાતા અનેક પ્રશ્નોમાં અત્યારે સહુથી વધુ ચર્ચાતો અને અગત્યનો પ્રશ્ન હોય તો તે છે જૈન સંઘની એકતાનો પ્રશ્ન. જ્યાં સુધી સમસ્ત જૈન સંઘ એક ન બને, એક નેજા હેઠળ ન આવે, ત્યાં સુધી બીજી બધી સમસ્યાઓ ઉકેલવી બહુ મુશ્કેલ છે, એવું સૌ કોઈ વિચારી રહ્યા છે અને અનુભવી રહ્યા છે.

આ એકતા કેળવવા માટે પાયાની જો કોઈ વાત હોય તો તે પ્રભુ મહાવીરની અનેકાંતદષ્ટિ છે, અધ્યાત્મદષ્ટિ છે. જ્યાં સુધી

કેન્દ્રસ્થાને અધ્યાત્મ નહિ આવે ત્યાં સુધી જૈનશાસન અને જૈનસંઘનો અભ્યુદય નહિ થઈ શકે.

કોઈ એમ માનતું હોય કે, તેજસ્વી વક્તાઓ થકી જૈનસમાજનો અભ્યુદય થશે... કોઈ એમ માનતું હોય કે શિષ્યોની ફોજ ઊભી કરવા માત્રથી જૈનશાસનનો અભ્યુદય થઈ જશે... કોઈ એમ માનતું હોય કે ઉત્સવો-મહોત્સવો કરાવીને કે મહાપૂજાઓ ભણાવવાથી જૈનશાસનની પ્રભાવના થશે અને હજારો આત્માઓ ધર્મમાર્ગે વળી જશે... કોઈ એમ માનતું હોય કે ગ્રંથો લખી નાંખવાથી કે થોડીઘણી સંસ્થાઓ સ્થાપવા માત્રથી જૈનશાસનનો અભ્યુદય થઈ જશે... તો એક બહુ મોટી ભ્રમણામાં આપણે રાચી રહ્યાં છીએ.

**જૈનસંઘના અભ્યુદયનો પાયો : અધ્યાત્મ**

જ્ઞાનીપુરુષોએ સ્પષ્ટ કહ્યું છે કે જૈનસંઘના અભ્યુદયનો અને આત્મકલ્યાણનો જો કોઈ પાયો હોય તો તે છે અધ્યાત્મ. જ્યાં સુધી આત્મતત્વની અનુભૂતિને કેન્દ્રમાં રાખીને, નિશ્ચયદૃષ્ટિપૂર્વક સાધનાના માર્ગે આત્માઓ વળતાં નથી ત્યાં સુધી, કદાચ એવા સાધુઓ પાસે કે એવા આચાર્યો પાસે ભલે પુણ્યનું બળ હશે, શક્તિનું બળ હશે, જ્ઞાનનું બળ હશે, શિષ્યનું બળ હશે... તો પણ એ લોકો જૈનસંઘના ઉપકારક બનવાને બદલે નુકશાન કરનારા સાબિત થવાના છે.

મહોપાધ્યાય યશોવિજયજી, મહાયોગી ચિદાનંદજી, મહાયોગી આનંદઘનજી જેવા આત્મજ્ઞાની મહાપુરુષોએ બહુ સ્પષ્ટ શબ્દોમાં આ વાત કરી છે. તેમણે એક ઠેકાણે તો ત્યાં સુધી કહી દીધું કે :

*"જિમ જિમ બહુશ્રુત, બહુજન સંમત,*
*બહુ શિષ્યે પરિવરીયો;*
*તિમ તિમ જિનશાસનનો વૈરી,*
*જો નવિ નિશ્ચય ધરીયો.*
*જો નવિ અનુભવ ધરીયો."*

જ્ઞાનીપુરુષોના આ શબ્દોને આપણે કોઈ દિવસ ઊંડાણથી વિચાર્યા છે ખરા ? આજે આપણે ક્યાં જઈ રહ્યાં છીએ ? માત્ર બહારની ઝાકઝમાળમાં અંજાવા જેવું નથી. આવું બધું તો આપણને બીજે પણ ઘણે ઠેકાણે જોવા મળી શકશે, પણ મહાવીરનો માર્ગ તો કહે છે કે જ્યાં અનેકાંતદૃષ્ટિ છે, જ્યાં સત્યને અનેક સ્વરૂપે સ્વીકારવાની અને સહુને સમાવવાની હૃદયની ઉદારતા છે તથા જ્યાં સાધનાની અનુભૂતિનું બળ છે ત્યાં જ જિનશાસનનું ગૌરવ ટકી શકે છે અને વધી શકે છે.

આજે આપણા સંઘની આ છિન્નભિન્ન સ્થિતિનું જો કોઈ મુખ્ય કારણ હોય તો તે આપણા ચતુર્વિધ સંઘમાં વ્યાપી ગયેલી એકાંતદૃષ્ટિ છે. આજે કોઈ કોઈને સમજવા તૈયાર નથી, કોઈ પોતાના મતથી વિરૂદ્ધની વાતને સ્વીકારવા તો તૈયાર નથી, સહિષ્ણુતાપૂર્વક એને સાંભળવા પણ તૈયાર નથી. પછી જૈનસંઘમાં એકતા કે શાંતિ ક્યાંથી સ્થપાય ?

આપણે ત્યાં પહેલાં પણ અનેક ગચ્છો, પક્ષો અને સંપ્રદાયો હતાં પણ આવા ગચ્છવાદો નહોતા. ગચ્છ કે સંપ્રદાય જૂદા હોય એમાં કોઈ વાંધો નથી, એ તો આત્માને વિકાસને માર્ગે લઈ જતી જૂદી જૂદી કેડીઓ છે, આ બધી કેડીઓ છેવટે જો એક રાજમાર્ગ ઉપર આવી શકતી હોય તો એ કેડી પણ કામની છે.

જેમ એક કુટુંબ મોટું થાય ત્યારે વ્યવસ્થાને માટે ભાગલા પણ પડે. એક કુટુંબના ભાઈઓ જૂદા થાય તેમાં વાંધો નથી, પણ એમના હૈયાં જ્યાં જૂદા થઈ જાય છે, ત્યાં તકલીફો ઊભી થઈ જાય છે.

જૂદી જૂદી વિચારધારાઓ અને જૂદા જૂદા સંપ્રદાયો તો આ ભારતીય સંસ્કૃતિનું ગૌરવ છે ! એનાથી એ ખ્યાલ આવે છે કે અહીં સત્યને પણ કેટકેટલી રીતે વિચારનારા મહાપુરુષો પાક્યા છે. પરંતુ એ બાહ્ય માળખાઓ અને સ્થૂલ પરંપરાઓનો જ્યારે આગ્રહ આવી જાય છે... 'આમાં જ ધર્મ છે અને બાકી બધે અધર્મ છે... સહુ ઉન્માર્ગી છે... ઉત્સૂત્રભાષી છે અને પાપના માર્ગે છે.' એવી એકાંતદૃષ્ટિ જ્યારે કેળવાઈ જાય છે ત્યારે આપણે આપણા જ હાથે સત્યનો અપલાપ કરી રહ્યા છીએ, સત્યને હણી રહ્યા છીએ.

બહુ વિચારતા એમ લાગે છે કે, જો આ સંપ્રદાયવાદ આપણી વચ્ચેથી ટળી જાય તો પછી કદાચ ગચ્છો ભલે જૂદા રહ્યા, પણ સહુની દૃષ્ટિ ગુણાનુરાગી અને ઉદાર હશે તો સાધનાના માર્ગે કોઈ વાંધો નહિ આવે.

**સંવત્સરી ક્યારે કરવાની ?**

જેને જે દિવસે આરાધના કરવી હોય તે દિવસે કરવા દો... જે રીતે કરવી હોય તે રીતે કરવા દો. એમને એમ કહો કે 'ભાઈ ! તું આરાધના ચોથના દિવસે કરે કે પાંચમના દિવસે કરે એ મહત્ત્વનું નથી, તું આરાધના કરે છે એ જ મહત્ત્વનું છે. તારા

કષાયો ચોથના દિવસે શાંત થતા હોય તો ચોથ તારા માટે તારનારી છે. અને તારા કષાયો પાંચમના શાંત થતા હોય તો તારા માટે પાંચમ તારનારી છે.'

જો હૃદયના કષાયો ઓગળતા ન હોય... ચોથ અને પાંચમના નામે પોતાના અને સંઘમાં અનેક આત્માઓના હૈયામાં કષાયોની જ્વાળાઓ ભડકતી હોય... દુર્ભાવો જો વકરતા જતા હોય તો એ ચોથ અને પાંચમ બેમાંથી એકે ય આપણને તારી નહિ શકે.

આપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની આ વાતોને કોઈ દિવસ વ્યવસ્થિત રીતે વિચારીશું ખરા ? દ્રવ્ય, ક્ષેત્ર અને કાળના સિદ્ધાંતો ભાવની વિશુદ્ધિ માટે છે, ભાવની વિશુદ્ધિ થતી હોય તો એ દ્રવ્ય સારું દ્રવ્ય છે, એ ક્ષેત્ર સારું ક્ષેત્ર છે, એ કાળ ઉત્તમ કાળ છે. પણ હૃદયના ભાવોને મલીન બનાવે, ચિત્તને કલુષિત કરે એવું દ્રવ્ય, એવું ક્ષેત્ર અને એવો કાળ આત્માને માટે હાનિકારક છે, એમ આપણા શાસ્ત્રો કહી રહ્યા છે.

જો આ વાત બરાબર સમજાઈ જાય, ભાવાત્મક ધર્મને આપણે સ્વીકારતા અને સમજતા થઈ જઈએ, તો પછી, મને એમ લાગે છે કે જે કોઈ પરંપરા છે એ યથાવત્ ચાલ્યા કરે પણ એ અંગેના વિખવાદો, ચર્ચાઓ અને દુનિયાના જાહેર ફલક પર દેખાં દેતાં એના તમાશાઓ તો જરૂરથી બંધ થઈ જાય.

અનેકાંતવાદનો ભવ્ય વારસો જેને મળ્યો છે તે જૈનસમાજ આજે ક્યાં પહોંચ્યો છે ! એકાંતવાદના રવાડે ચઢીને કેવો હાસ્યાસ્પદ બની રહ્યો છે !

**તિથિચર્ચાથી જૈનસંઘનું ગૌરવ હણાયું છે :**

સંવત્સરી રવિવારે કરવી કે સોમવારે, આ એક જ વાત પર વ્યર્થના વિવાદો ઉભા કરતી અખબારી જાહેરખબરો અને ગંદી પત્રિકાબાજીઓ દ્વારા સમાજના લાખો રૂપિયાના આંધણ મૂકાયા. માત્ર રૂપિયાનો પ્રશ્ન નથી... રૂપિયા તો કરોડો ખર્ચી શકે છે આ જૈનસમાજ... પણ આ ચતુર્વિધ સંઘના અનેક આત્માઓની સમતા હણાઈ, અનેક આત્માઓના હૈયામાં કષાયોની જે ગાંઠો પડી ગઈ... એ નુકશાનને કોણ ભરપાઈ કરી આપશે?

છાપે ચડેલા આપણા સંકુચિત વિવાદોના કારણે આજે આચાર્યોનું ગૌરવ સમાજની નજરમાં ઘટ્યું, જૈનસંઘની ગરિમા પણ ખંડિત થઈ. 'અનેકાંતવાદી ભગવાન મહાવીરના ઉપાસકો આવા ?' એમ કહીને દુનિયાના લોકોએ જૈનસંઘની હાંસી ઉડાવી... આ જે નુકશાન થયું છે તે કરોડો અને અબજો રૂપિયા ખર્ચતા પણ ભરપાઈ કરી શકાય તેમ નથી.

આખરે આપણે શું મેળવ્યું ? સંવત્સરીની આરાધના શાને માટે હતી ? આત્માના કલ્યાણ માટે જ ને ? અને આત્માના કલ્યાણ માટે ભગવાન મહાવીરે ક્યો સિદ્ધાંત આપ્યો ? 'રાગ-દ્વેષથી મુક્ત થવું એ જ મુક્તિમાર્ગના ઉપાસકનું લક્ષ્ય હોવું જોઈએ.' એમ પ્રભુએ કહ્યું છે. જીવ જગત પ્રત્યેની દુર્ભાવનાઓ... દ્વેષ ભાવનાઓ જેમ જેમ ઓગળતી જાય, તેમ તેમ આપણો આત્મા કલ્યાણને માર્ગે અગ્રેસર થતો જાય અને કર્મોની નિર્જરા થતી જાય.

રાગ અને દ્વેષને જીતે તે જિન કહેવાય અને એવા જિનનો જે અનુયાયી હોય તે જૈન કહેવાય. આમ જૈનત્વનો સંબંધ રાગ

અને દ્વેષની મંદતા સાથે છે... સંવત્સરી પણ રાગ દ્વેષની મંદતા માટે હતી... હૃદયની શુદ્ધિ માટે હતી... આત્માની નિર્મળતા માટે હતી. એ જ સંવત્સરીને કેન્દ્રમાં રાખીને જો આપણે આપણા નિર્મળ આત્માને મલીન બનાવ્યો હોય, ઉદાર આત્માને સંકુચિત બનાવ્યો હોય, વિશુદ્ધ આત્માને રાગ અને દ્વેષથી ખરડી નાખ્યો હોય, તો આપણે સંવત્સરી ગમે તે દિવસે કરી હોય... 'આપણે આરાધના કરી છે કે આપણા આત્માની અને પરમાત્માની વિરાધના કરી છે ?' એ પ્રશ્ન મારે, તમારે અને આપણે સહુએ આપણા જ અંતરાત્માને એકાંતમાં પૂછવાની જરૂર છે.

સંવત્સરી એટલે પ્રેમનું પર્વ... મૈત્રીનું પર્વ... મારે તમને પ્રેમથી મળવું છે... મારે તમારા તરફ મૈત્રીનો હાથ લંબાવવો છે... તો આપણે બે જણા પ્રેમથી ક્યારે મળીશું ? રવિવારે મળીશું કે સોમવારે મળીશું ? એ માટેનો ઝગડો આપણે એક વર્ષ પહેલેથી શરૂ કરી દીધો ! આના કરતાં આપણી વધુ હાસ્યાસ્પદ સ્થિતિ બીજી કઈ હોઈ શકે ?

સંવત્સરી ક્યારે કરવી ? ચોથે કે પાંચમે ? એનો કોઈ નિયમ ત્રિકાળાબાધિત છે ખરો ? એ સિદ્ધાંતનો પ્રશ્ન છે કે સામાચારીનો પ્રશ્ન છે ? આ વાત શાંતિથી વિચારવા જેવી છે.

૧. શાસ્ત્ર એટલે કે સિદ્ધાંત.
૨. સામાચારી એટલે કે પરંપરા - બાહ્ય માળખું.

ઈતિહાસ એમ કહે છે કે સામાચારી યુગે યુગે બદલાતી રહી છે... દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના સંદર્ભમાં જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે આપણા ગીતાર્થ આચાર્યોએ સામાચારીમાં

જરૂરી ફેરફારો કર્યા છે. 'સિદ્ધાંત' એ ત્રિકાલાબાધિત સત્ય છે, જ્યારે 'સામાચારી' એ તો પરિવર્તનશીલ તત્ત્વ છે. મૂળભૂત સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને, સમય અને સંયોગ પ્રમાણે સામાચારીઓ તો બદલાતી પણ રહી છે. મૂળભૂત તત્વોમાં કોઈ ફેરફાર ન થાય, પરંતુ સામાચારી એટલે કે પરંપરાઓના બાહ્ય માળખાઓમાં પરિવર્તનને પૂર્ણ અવકાશ છે.

**તિથિનો પ્રશ્ન : સિદ્ધાંતનો કે સામાચારીનો ?**

તિથિ એ સિદ્ધાંતનો પ્રશ્ન છે કે સામાચારીનો ? એ વાત પહેલા તો સમજી લેવી જોઈએ. મારી દૃષ્ટિએ આ સામાચારીનો પ્રશ્ન છે. એનું કારણ એ કે સિદ્ધાંત ત્રિકાળાબાધિત હોય છે, એમાં પરિવર્તન કરી શકાય નહિ. તિથિ જો સિદ્ધાંતની વાત હોય તો પછી આજનો આપણો આ ચોથ અને પાંચમનો ઝગડો કેવી રીતે ઉભો થયો ?

તિથિ એ જો સિદ્ધાંતનો પ્રશ્ન હોય તો ત્રિકાલાબાધિત રીતે કાં તો ચોથની જ સંવત્સરી થવી જોઈતી હતી, અથવા તો સંવત્સરી પાંચમની જ રહેવી જોઈતી હતી. પરંતુ છેલ્લા અઢી હજાર વર્ષનો ઈતિહાસ એમ કહે છે કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી ઘણાં સૈકાઓ સુધી સંવત્સરી તો પાંચમની જ થતી હતી. આજે ચોથની સંવત્સરી કરનાર આરાધક વર્ગ પણ આ વાત સ્વીકારે છે. પરંતુ પછીથી એક એવી પરિસ્થિતિ નિર્માણ થઈ કે જેથી પાંચમની ચોથ કરવી પડી.

સંવત્સરીનો દિવસ આવતો હતો, અને તે જ દિવસે રાજ્યમાં એક વિશેષ મહોત્સવનો પ્રસંગ પણ આવતો હતો તેથી

રાજાએ સંઘને વિનંતી કરી કે 'તમારી સંવત્સરીનું પર્વ એક દિવસ આગળ-પાછળ કરો તો બંને પ્રસંગો સચવાઈ જાય અને હું પણ સંવત્સરીની ઉજવણીમાં જોડાઈ શકું.'

ત્યારે એ રાજાને પણ ધર્મના માર્ગે વાળવા માટે, તે વખતના ગીતાર્થ અને શાસ્ત્રજ્ઞ આચાર્ય ભગવંત શ્રી કાલકસૂરિ મહારાજે પાંચમની એ સંવત્સરી એક દિવસ વહેલી પતી જાય તો બીજે દિવસે રાજા પોતાનું કામ કરી શકે, તેમ જ સંઘને પણ આરાધનામાં કોઈ વિક્ષેપ ન પડે એટલા માટે પાંચમની સંવત્સરી બદલીને ચોથની સંવત્સરી કરી.

દેશકાળને અનુરૂપ પરિવર્તન કરવાની શાસ્ત્રીય મર્યાદાઓને લક્ષ્યમાં રાખીને, કાલિકાચાર્ય નામના મહાન જૈનાચાર્યે એક રાજાના કહેવાથી સકળસંઘની આરાધના સારી રીતે થાય એ માટે, પ્રાચીનકાળથી ચાલી આવતી પાંચમને બદલીને ચોથની સંવત્સરી કરી અને ત્યારથી મૂર્તિપૂજક પરંપરાના તપગચ્છ જૈનસંઘમાં ચોથની સંવત્સરી કરવાની પરંપરા ચાલી રહી છે.

મારે આજના વિચારક જૈનસમાજને એટલું જ પૂછવું છે કે જો એક રાજાની વિનંતિથી પાંચમની ચોથ થઈ શકતી હોય તો સમગ્ર સંઘની શાંતિ માટે ફરીથી ચોથને બદલે પાંચમની સંવત્સરી કેમ ન થઈ શકે ? જો તેમ થાય તો સ્થાનકવાસી જૈનસંઘ અને મૂર્તિપૂજક જૈનસંઘ - બન્નેની સંવત્સરી એક જ દિવસે થાય અને જૈનસંઘની એકતા વધુ સુદૃઢ બની શકે.

હા... આની સામે એક પ્રશ્ન આવે છે, શાસ્ત્રમાં એવો એક નિયમ છે કે જો બાર મહિનાથી વધુ સમય કષાયો મનમાં રહી

જાય, સંવત્સરી નિમિત્તે વિશ્વના સર્વ જીવોને જો ખમાવવામાં ન આવે તો એ કષાય અનંતાનુબંધીના થઈ ગયા કહેવાય, અને તેની સાથે જ મિથ્યાત્વનો ઉદય પણ જાગ્યા સિવાય રહે નહિ.

હવે જો સંવત્સરી ચોથને બદલે પાંચમની કરીએ તો વર્ષ ઉપરાંત એક દિવસ વધી જાય અને મિથ્યાત્વનો ઉદય જાગી જાય તો સમ્યક્ત્વ કેવી રીતે ટકે ? એટલે પાંચમની ચોથ ભલે થઈ હોય પણ હવે ચોથની પાંચમ ન થઈ શકે. સંવત્સરી માટે બાર મહિનાનું ઉલ્લંઘન તો કરાય જ નહિ. આવી એક દલીલ આપવામાં આવે છે.

આવી દલીલની સામે બીજો પણ એક વિચારણીય મુદ્દો, આજની સવારની સભામાં સુશ્રાવક કિશોરચંદ્રજી વર્ધને રજૂ કર્યો હતો, તે પણ ધ્યાનમાં લેવા જેવો છે કે, જ્યારે સંવત્સરીના પ્રતિક્રમણમાં સાંવત્સરીક ખામણા કરીએ છીએ ત્યારે આપણે એમ બોલીએ છીએ કે 'બાર માસ, ચોવીસ પક્ષ અને ત્રણસો સાઈઠ દિવસ...' પરંતુ હકીકતમાં વિચારીએ તો બાર મહિનામાં પૂરા ત્રણસોને સાઈઠ દિવસ થતા નથી. ૩૬૦ દિવસની ઉપર તમારા કષાયો જાય તો મિથ્યાત્વનો ઉદય થવાની શક્યતા છે પણ ૩૬૦ દિવસ થતાં જ નથી તેનું શું ? પછી સમ્યક્ત્વ ચાલ્યું જવાનો પ્રશ્ન જ ક્યાં રહ્યો ?

પરંતુ એ વાતને પણ આપણે હમણાં બાજુ ઉપર મૂકીએ. માની લો કે ૩૬૦ દિવસ કદાચ પૂરા પણ થાય છે, તો પણ ચોથની પાંચમ કરાય કે નહિ ?

નવાઈ તો એ વાતની લાગે છે કે એક દિવસ પણ વર્ષથી

ઉપર ન જવાય એવી વાત કરનારા અમે લોકો જ જ્યારે અધિક માસ આવે ત્યારે શું કરીએ છીએ? બાર મહિનાથી વધુ દિવસ કષાય રહે તો મિથ્યાત્વી થઈ જવાય એમ કહેનારા અમે, બે અષાઢ કે બે શ્રાવણ આવે ત્યારે બીજા શ્રાવણમાં જ પર્યુષણ કરીને, અમે તેર મહિના સુધી સાંવત્સરીક પ્રતિક્રમણ નથી કરતા તે છતાં અમારા સમ્યક્ત્વને સુરક્ષિત માનીએ છીએ !

આ જ દલીલ મેં એકવાર ચોથની સંવત્સરીના આગ્રહી એક ભાગ્યશાળી આરાધક પાસે કરી હતી ત્યારે એ ભાઈએ મને કહ્યું કે 'મહારાજ સાહેબ, આ બે મહિનામાં પહેલો મહિનો તો ફલ્ગુ મહિનો કહેવાય, એની ગણત્રી ન કરાય, એ તો નકામો મહિનો... એમાં કોઈ શુભ કામ ન થાય.'

મેં કહ્યું : 'એટલે શું ફલ્ગુ મહિનામાં તું ખાતો નથી ? એ મહિનામાં તારા આત્માને કોઈ કર્મ બંધાતા નથી ? ફલ્ગુ મહિનામાં તું ચોરી કરે કે કોઈનું ખૂન કરે તો તને પાપ નહિ લાગે ?' કેવી બુદ્ધિ વિનાની દલીલો માણસો કરતાં હોય છે ! અરે, ફલ્ગુ મહિનો છે તો શું થયું ? મહિનો તો છે ને ? સમય છે... દિવસો છે... એ દિવસોમાં આપણે પ્રવૃતિઓ કરીએ છીએ, તો શું આપણને પાપો નહિ લાગે ? સંવત્સરી કરવામાં બાર મહિનાથી ઉપર એક પણ દિવસ જવો ન જોઈએ તો પછી એક આખો મહિનો ઉપર જવાય ? અને છતાં તે વખતે આપણું સમ્યક્ત્વ ટકી રહે ?

દુર્ભાગ્ય છે, કે આપણે કોઈ દિવસ આવા પ્રશ્નોને શાંત ચિત્તે અને મુક્તમને વિચારતા નથી. અને માટે જ તિથિના

આગ્રહો આપણે ત્યાં પકડાઈ ગયા છે. હૃદયની વિશાળતા અને ઉદારતાપૂર્વક જો આ પ્રશ્નને વિચારવામાં આવે તો જૈનસમાજનો એક સળગતો પ્રશ્ન શાંત થઈ જાય એમ મને લાગે છે. અને જો આ એક પ્રશ્ન શાંત થઈ જાય તો, આવા બીજા અનેક પ્રશ્નોના ઉકેલની ભૂમિકા એમાંથી સર્જાય.

તિથિ, એ સામાચારીનો પ્રશ્ન છે, સિદ્ધાંતનો પ્રશ્ન નથી. માટે તેમાં ફેરફારને પૂર્ણ અવકાશ છે. અને એથી ય આગળ વધીને એક વાત કરું ? સમ્યક્ત્વનો આધાર શેની સાથે છે ? સંવત્સરીની ક્રિયા સાથે કે કષાયોની પરિણતિ સાથે ? એક વર્ષથી વધુ સમય માટે મનમાં કષાય રહી જાય તો તે અનંતાનુબંધીના બની જાય અને અનંતાનુબંધી કષાય હોય તો મિથ્યાત્વનો ઉદય થાય એમ આપણું કર્મનું તત્ત્વજ્ઞાન કહે છે.

હવે તમે સંવત્સરી ચોથની કરો કે પાંચમની, પહેલા શ્રાવણમાં કરો કે બીજા શ્રાવણમાં કરો, ગમે તે દિવસે કરો અને ગમે તે રીતે કરો, પરંતુ એ કર્યા પછી પણ હૃદયમાં કષાય ભાવો જો રહી જતા હોય... સૌની સાથે ક્ષમાપના કરીને આપણે અંતરની વિશુદ્ધિ ન કરી શકતા હોઈએ તો, આપણું સમ્યક્ત્વ ટક્યું છે એવો સંતોષ આપણે લઈ શકીએ ખરા ?

સમ્યક્ત્વનો આધાર હૃદયની પરિણતિ સાથે છે કે બહારની સ્થૂલ ક્રિયાઓ સાથે છે ? આ પ્રશ્ન પણ સૌએ વિચારવો પડશે. આપણે સૌ સાથે મળીને આનો ઉકેલ લાવીશું તો જ જૈનસમાજનો અભ્યુદય થઈ શકશે.

## 'અન્યલિંગે સિદ્ધ' સંવત્સરી ક્યારે કરે ?

આ સિવાય બીજો પણ એક મુદ્દો વિચારણીય છે કે, ચોથ અને પાંચમ માટે ઝઘડનારા આપણે 'અન્યલિંગે સિદ્ધ'ને કેવી રીતે સ્વીકારી શકીશું ? જેઓ પરંપરાગત રીતે સાંપ્રદાયિક જૈનધર્મ પામ્યા જ નથી અને જૈનસાધુ પણ નથી, એ લોકો કયે દિવસે સંવત્સરી પ્રતિક્રમણ કરતા હશે ? આવી વિધિ ન કરે છતાં એ લોકોને મોક્ષના અધિકારી માન્યા છે. અને આપણે કદાચ સોમવારને બદલે મંગળવારે ચોથ કરીએ કે ચોથને બદલે પાંચમ કરીએ તો આપણું સમ્યક્ત્વ જતું રહે ? આ તે કઈ જાતની જડતા ! કેવું અજ્ઞાન ! કેવો કદાગ્રહ ! આપણે કાંઈ વિચારીશું ખરા ?

ખેર, આ તિથિ ચર્ચાનો કોઈ છેવટનો ઉકેલ ન આવે ત્યાં સુધી હું આપણા સંઘના સર્વ સભ્યોને હૃદયપૂર્વક વિનંતિ કરીશ કે, આરાધના ભલે જૂદે જૂદે દિવસે કરજો પણ તે નિમિત્તે સંઘમાં વાદવિવાદો કે વિખવાદો તો કરતા જ નહિ. જેને જે દિવસે આરાધના કરવી હોય તેમને ઉદારતાથી અને પ્રેમથી કરવા દેજો. જે દિવસે કોઈપણ આત્મા કષાયોથી મુક્ત થવા તૈયાર હોય તે દિવસે તેને એ માટેની તમામ અનુકૂળતાઓ, પછી તે સ્થળની હોય કે બીજી કોઈ સગવડો હોય, જે કાંઈ જરૂરી હોય તે કરી આપજો અને શાંતિથી પર્યુષણ ઉજવજો. સંઘમાં ક્યાંય પણ કલુષિત વાતાવરણ સર્જાય તેવી કોઈ ભૂલ ન કરશો. એમાં જ જૈનસંઘનું ગૌરવ છે.

જૈનસંઘના અગ્રણીઓ, કાર્યકર્તાઓ, હોદ્દેદારો અને સૌ આરાધકોને હૃદયના પ્રેમપૂર્વક ભલામણ કરું છું કે, તમે જે સંઘમાં

હો એ સંઘમાં તિથિવાદ વકરે નહિ અને સંપ્રદાયવાદ માઝા મૂકે નહિ તેનું ખાસ ધ્યાન રાખજો. આજે કદાચ સમગ્ર સંઘમાં એકતા ન સધાય તો વાંધો નહિ, પણ એકવાક્યતા અને સંપ જળવાઈ રહે તેનું ધ્યાન રાખજો. ભેદમાં પણ આપણે અભેદ સાધી શકીએ તો ઘણું છે. અને એ રીતે દરેક સંઘો આ વાતને વિચારશે તો આપણી આવતીકાલ અત્યંત ઉજ્જવળ બનશે.

**દેવદ્રવ્યનો પ્રશ્ન :**

જૈન વિચારક સંમેલનની આ બે દિવસની ચર્ચા દરમ્યાન દેવદ્રવ્યની ઉપજ વિશેનો પ્રશ્ન પણ ખૂબ ચર્ચાયો હતો. દેવદ્રવ્યની આવક વિશે, તેના ઉપયોગ વિશે અને નવા બંધાતા જતા દેરાસરો વિશે આ ચર્ચા દરમ્યાન ઘણી વ્યક્તિઓએ પોતાના વિચારો દર્શાવ્યા છે, પણ એ સહુમાં અત્યારના સંસદસભ્ય શ્રી અનોપચંદભાઈ શાહના વિચારો મને ઘણાં સંતુલિત અને વ્યવસ્થિત લાગ્યા છે.

કેટલાક ભાઈઓએ દેરાસરોના નિર્માણ વિશે તથા દેવદ્રવ્ય માટે ખૂબ આક્રોશ વ્યક્ત કર્યો. 'દેવદ્રવ્ય નકામું છે... દેવદ્રવ્યના લાખો અને કરોડો રૂપિયા લોકો પત્થરમાં નાખી રહ્યા છે... જૈનસમાજની શક્તિ એક જ દિશામાં વપરાઈ રહી છે... દેરાસરો બાંધવાની શું જરૂર છે... આજે જ્યારે સાધર્મિકો સીદાઈ રહ્યા છે, મધ્યમવર્ગ ભીંસાઈ રહ્યો છે, દુષ્કાળની પરિસ્થિતિ વણસેલી છે, ત્યારે દેવદ્રવ્યનો ઉપયોગ એ બધા કાર્યોમાં શા માટે ન થઈ શકે ?' વિગેરે... વિગેરે અનેક વાતો થઈ.

આ અંગે મારે કહેવું જોઈએ કે આ મંતવ્યો અને આક્ષેપો

અપૂર્ણ અને એકાંગી વિચારધારાનું પરિણામ છે. દેવદ્રવ્યનો સમૂળગો છેદ ઉડાડવાની કે તેનો ગમે તેમ ઉપયોગ કરવાની વાત બિલકુલ અયોગ્ય છે.

માત્ર ભારતમાં જ નહિ પરંતુ સમગ્ર વિશ્વમાં આજે પણ દેલવાડાના, રાણકપુરના, તારંગાના કે પાલીતાણાના કલાત્મક દેરાસરો સૌનું ધ્યાન ખેંચનારા બન્યા છે, એ બલિહારી આ દેવદ્રવ્યની જ છે ! કળા, સ્થાપત્ય અને સૌન્દર્યનું ધામ બનીને આ મંદિરોએ અનેક આત્માઓની ધર્મશ્રદ્ધાને જગાડી છે. ભારતીય સંસ્કૃતિનું અને દેશનું ગૌરવ વધાર્યું છે, તેમજ હજારો, લાખ્ખો વ્યક્તિઓના હૃદયમાં પવિત્રતાનું નિર્માણ કર્યું છે.

જો દેવદ્રવ્યની સુંદર વ્યવસ્થા ન હોત તો આપણો સંઘ આ કલાધામોને અને પવિત્ર ધર્મસ્થાનોને કદાચ જાળવી શક્યો ન હોત. મારે તો આજે સૌને પ્રેમપૂર્વકની એટલી જ ભલામણ કરવી છે કે 'દેવદ્રવ્ય નકામું છે, દેરાસરો નકામા છે' એમ કહીને કોઈ પાપના ભાગીદાર ન બને.

બીજા એક ભાઈએ એમ પણ કહ્યું કે 'મંદિરો બાંધવા હોય તો જ્યાં જૈનોની સારી વસ્તી હોય અને આલંબન માટે મંદિર જરૂરી હોય ત્યાં એકાદ સાદુ મંદિર બાંધી લેવું જોઈએ, પણ હજારો લાખ્ખો રૂપિયા પત્થરમાં નાખી દેવાની શું જરૂર છે ? તેના બદલે સમાજની સંપત્તિ સાધર્મિક ભક્તિમાં કે દુષ્કાળ રાહતમાં વાપરવા જેવી છે.' વિગેરે...

આવું કહેનારા સુખી શ્રાવકને મારે એટલું જ કહેવું છે કે, 'તમારી વાત સાથે હું કાંઈક અંશે સમ્મત હોવા છતાં હું એટલું

કહીશ કે 'ચેરીટી બિગિન્સ ફ્રોમ હોમ' મુજબ સમાજ પ્રત્યેની તમારી આ લાગણીનો પ્રારંભ પહેલા તમારા ઘરથી જ કરો. તમારા રહેવાના ફ્લેટો કે બંગલાઓ તદ્દન સાદા બનાવો. એના ઠઠારા અને આડંબરો ઓછાં કરી નાખો, અને એ વધેલા તમારા પૈસા દુષ્કાળ રાહતમાં આપી દો, પછી જ મંદિર સાદા બનાવવાની વાત કરવાનો તમને અધિકાર છે.'

તમે જો તમારા ફ્લેટો કે બંગલાઓ વૈભવી બનાવી શકતા હો, એક એક ફ્લેટને લાખ્ખોના ખર્ચે વૈભવી ફર્નીચરો અને મોજશોખની વસ્તુઓથી સજાવી શકતા હો, અને ત્યારે જો તમને એમ લાગતું ન હોય કે 'આ સંપત્તિ સાધર્મિક ભક્તિમાં કે દુષ્કાળ રાહતમાં વાપરવા જેવી છે.' તો તમને 'મંદિરો માટે પત્થરમાં પૈસા વેડફાઈ રહ્યા છે' એવું બોલવાનો કોઈ અધિકાર નથી.

એની સાથે સાથે એક પ્રશ્ન એ પણ ચર્ચાયો કે એક દેરાસર છે, બાજુમાં બીજું દેરાસર પણ છે... ત્રીજું પણ છે અને છતાં ત્યાં જ પાછું નવું એક દેરાસર બંધાતું હોય તો તે કેટલું ઉચિત છે ? એક જ જગ્યાએ કેટલા દેરાસરો બાંધવાના ?

અલબત્ત, દરેક કાર્યમાં વિવેક તો જરૂરી છે જ. હું પણ કબૂલ કરું છું કે આજે આ બાબતમાં કંઈક અતિરેક થયો છે. તેના ઉપર કંટ્રોલ મૂકવો પણ જરૂરી બન્યો છે, પરંતુ એ મુદ્દા ઉપર હું પછી આવીશ.

અત્યારે તો દેરાસરો પ્રત્યે સમજ્યા વિના પૂર્વગ્રહો ધરાવનારાને કે ટીકા કરનારાઓને હું એટલું જ કહીશ કે 'એક સાથે બે દેરાસરોની શું જરૂર છે ?' એવું જે કહેતા હોય તેમણે

કોઈ દિવસ એવો અવાજ ઉઠાવ્યો ? કે 'અહિં સત્યમ, સુંદરમ અને સચિનમ એ એક સાથે ત્રણ થિયેટરોની શું જરૂર છે ?'

જો તમારા મનને બહેલાવવા માટે, બહેકાવવા માટે કરોડોના ખર્ચે ગમેતેટલા થિયેટરો ઊભા થઈ શકતા હોય, અને ત્યાં તમને સંપત્તિનો દુર્વ્યય જણાતો ન હોય, ત્યારે નબળા સાધર્મિકો કે દુષ્કાળ યાદ આવતા ન હોય તો, મનને શાંત કરનારા અને પવિત્ર બનાવનારા મંદિરો એકને બદલે બે હોય તે સામે તમારાથી કેમ વાંધો ઉઠાવી શકાય ?

જેમ કહેવાતા બુદ્ધિવાદીઓએ આ વાત સમજવાની જરૂર છે તેમ, વિવેક ભૂલીને જૂની ઘરેડમાં જ જે એક વર્ગ ચાલી રહ્યો છે તેમને પણ મારે એક-બે વાતો સહૃદયતાથી કહેવી છે.

હું હૃદયથી માનુ છું કે, મંદિરો ખૂબ જ જરૂરી છે. પરમાત્માની મૂર્તિઓ પરમ આલંબન છે. એના દ્વારા અનેક આત્માઓનું કલ્યાણ થઈ શકે છે, પરંતુ મંદિરો બાંધવામાં પણ વિવેક જરૂરી છે.

જે ગામમાં એક પણ મંદિર ન હોય અને ત્યાં રહેતા લોકોને આરાધના માટે મંદિરની જરૂરિયાત હોય તો તે ગામમાં એક સુંદર મંદિર જરૂર બનાવવું જોઈએ, પરંતુ જ્યાં કોઈ દર્શન કરનાર પણ ન હોય, જ્યાં કોઈને પૂજા કરવાની ય ફૂરસદ ન હોય તેવી જગ્યાઓએ માત્ર 'અમારું નામ તો રહેશે ને !' એવી અહમ અને મમની ભાવના ખાતર ખોટી સ્પર્ધાઓમાં તણાઈને, બિનજરૂરી જે કોઈપણ મંદિરો તૈયાર થઈ રહ્યા હોય, કે જે મંદિર છેવટે કોઈ પગારદાર વ્યક્તિઓના - પૂજારીઓના જ હાથમાં

સોંપાઈ જવાના હોય... અને જ્યાં પૂજારીઓ ભગવાનની ખૂલ્લી આશાતના ય કરવાના હોય... એવા દેરાસરોની લાઈનમાં એક નવું દેરાસર બંધાવીને ભગવાનની આરાધનાને બદલે આપણે ક્યાંક આશાતના તો નથી કરી રહ્યા ને ? એવું વિચારવાની ઘડી હવે આવી ચૂકી છે.

ભક્તિનું જે આલંબન અહંનું વિસર્જન કરવા માટે છે તેને જ અહંના વિસ્તારનું સાધન બનાવી દેશું તો પરિણામ શું આવશે ?

મંદિર બંધાવનાર દરેક વ્યક્તિએ વિચાર કરવો જોઈએ કે, 'હું આ મંદિર ભગવાનની ભક્તિ અને આરાધના માટે બંધાવું છું કે, બીજા કોઈએ દેરાસર બંધાવ્યું તો હું પણ તેનાથી ઉતરતો નથી, એનું નામ થયું તો મારું પણ કેમ ન થાય ? તેવી સ્પર્ધાની ભાવનાથી કે પછી આરસની તક્તીમાં પોતાના નામને અમર બનાવવાની ઘેલછામાં આ કાર્ય કરી રહ્યો છું ?' વ્યક્તિ કે સમુદાયની સ્પર્ધાની ઘેલછામાં આવા મંદિરો બંધાતા હોય તો તે જોઈને નવી પેઢીના મનમાં તમારી સામે અણગમો કે વિદ્રોહ જાગે તેમાં નવાઈ નથી.

આમ, મંદિર બંધાવનારાઓ પણ જાગૃત અને વિવેકી બને તે જરૂરી છે. જ્યાં આવશ્યકતા હોય ત્યાં અવશ્ય એ કાર્ય ઉપાડે પણ જ્યાં જરૂર ન હોય ત્યાં ફક્ત પોતાના અહંને પોષવા આવું કોઈ કાર્ય ઉપાડવાની ભૂલ ન કરે, તેવી ખૂબ જ પ્રેમપૂર્વકની ભલામણ કરવાનું આજે મને મન થાય છે.

આ માટેનો એક જ દાખલો આપું, પાલીતાણા તો આજે સૌ કોઈ જાય છે, એ આપણું શ્રદ્ધેય તીર્થસ્થાન છે, પરંતુ

પાલીતાણાની યાત્રાએ જનારા ભાગ્યશાળીઓ જે રીતે ભાગતા ભાગતા જાય છે અને ભાગતા ભાગતા યાત્રા કરીને ઘરે પાછા ફરે છે, તે રીતે હું સમજુ છું ત્યાં સુધી, પહાડ ચઢીને દાદાના દર્શન કરવાની કે પ્રભુ આદીનાથની સેવાપૂજા કરવાની જેટલી ભક્તિભાવના આપણા હૈયામાં હોય છે, તેના દસમા ભાગની પણ ભાવના તળેટીમાં લાઈનબંધ ઉભેલા દેરાસરોમાં દર્શન કરવાની હોય છે ખરી ? અરે, દર્શન કરવાની નહી, પરંતુ એ દેરાસરોમાં ડોકિયું કરવાની કે પ્રભુજીની સામું જોઈને માત્ર 'નમો જિણાણં' કહેવાની તસ્દી પણ આપણે લીધી છે ખરી ?

શ્રદ્ધા, ભાવના અને ભવ્યતાના બોલતા ઈતિહાસ સમી નવ ટૂંકમાં પણ દર્શન કરવા આપણે કેટલીવાર જઈએ છીએ ? આ વાસ્તવિકતાનો વિચાર કરવાની જરૂર છે.

આ પ્રશ્નની વિચારણા આપણા પૂજનીય આચાર્ય ભગવંતો અને સંઘના આગેવાનો વિવેકપૂર્વક નહિ કરે તો, આજની યુવાન પેઢીમાં વિદ્રોહની ભાવના જાગે કે તેઓ ધર્મથી વિમુખ થતા જાય તો એના થોડે ઘણે અંશે જવાબદાર આપણે પણ છીએ જ, એવું સ્વીકારવું પડશે. પૂજનીય આચાર્યો અને સાધુભગવંતો આ વિશે ગંભીરતાથી વિચારે તેવી મારી નમ્ર વિનંતિ છે.

વ્યક્તિગત અહં કે ગચ્છ, પક્ષ અને સંપ્રદાયના વ્યામોહને પોષવા ખાતર, સ્પર્ધાની ભાવનાથી બંધાતા જતા જિનમંદિરોનું નિર્માણ અટકે અને જે સ્થળમાં ભક્તિના આલંબન તરીકે એક સુંદર જિનાલય હોય, ત્યાં નજીકમાં જ બીજું દેરાસર (આરાધના માટેની ખાસ આવશ્યકતા વિના) ન બાંધવું એવો સાપેક્ષભાવે નિર્ણય થોડા સમય માટે પણ કરવામાં આવે તે જરૂરી નથી લાગતું શું ?

શિલ્પ, સ્થાપત્ય, સુંદરતા અને ભવ્યતાના કારણે આપણા પૂર્વજોની પ્રભુભક્તિ તથા કલાપ્રિયતાના બોલતા દસ્તાવેજ સમા સેંકડો પ્રાચીન જિનમંદિરો આજે વ્યવસ્થિત જિર્ણોદ્ધારની માંગ લઈને ગામડે ગામડે ઊભા છે, ત્યારે એમાં જ દેવદ્રવ્યનો શાસ્ત્રમાન્ય સદ્‌ઉપયોગ કરવાનો નિર્ણય ભારતભરના જૈનસંઘો ન કરી શકે શું?

આગામી થોડાક વર્ષો માટે, નવા બંધાતા જિનાલયોમાં દેવદ્રવ્યની સંપત્તિ ન વહેવડાવતાં, પ્રાચીન જિનમંદિરોને જ વ્યવસ્થિત કરવાના તથા જિર્ણોદ્ધારના કાર્યમાં જ દેવદ્રવ્યની સંપત્તિ છૂટથી વાપરી નાંખવાનો નિર્ણય તમામ જૈનસંઘો કરે તો એક ખૂબ જરૂરી અને ઘણું મોટું કાર્ય પાર પડી જાય.

આવું કાંઈ નહિ વિચારાય તો દેવદ્રવ્યની વિપુલ સંપત્તિ કાં તો ગમે તે રીતે બીજા કાર્યોમાં વપરાઈ જશે અને કાં તો સરકાર ગમે ત્યારે આંચકી લેશે એ ભય અસ્થાને નથી.

દાન આપનારા ભાવિકોએ જે ભાવથી, જે ઉદ્દેશથી પોતાની સંપત્તિ ધાર્મિક ક્ષેત્રોમાં અર્પણ કરી હોય તે સંપત્તિ તે ક્ષેત્રમાં વહેલી તકે અને વ્યવસ્થિત રીતે વાપરી નાંખવી તેમાં ડહાપણ રહેલું છે.

કોઈપણ સંઘને કે સંસ્થાને સમાજ જે સંપત્તિ આપે છે તે રાખી મૂકવા માટે, અહં વધારવા માટે કે એ દ્વારા આડકતરા પણ પોતાના સ્વાર્થો પોષવા માટે નહિ, પરંતુ સન્માર્ગે વાપરવા માટે આપે છે. એ જવાબદારી ટ્રસ્ટીઓ અને અધિકારીઓ નહિ સમજે તો તેઓ સંઘ, સમાજ અને ધર્મશાસનના ગુનેગાર ગણાશે.

**સાધુસંસ્થા અને અયોગ્ય દીક્ષાઓ :**

આજના વિચારક સંમેલનમાં ત્રીજો પ્રશ્ન ચર્ચાયો હતો સાધુસંસ્થાનો અને અયોગ્ય દીક્ષાઓનો.

જૈનસંઘની વર્તમાન અનેક સમસ્યાઓના મૂળમાં જો કોઈ હોય તો તે સાધુસંસ્થા છે, અને તેના પણ ઊંડાણમાં જોવા જઈએ તો અયોગ્ય દીક્ષાઓ છે તથા દીક્ષા પછી પણ યોગ્ય ઘડતરનો અભાવ છે. જે રીતે આડેધડ દીક્ષાઓ આપવામાં આવે છે અને લેનારાઓ પણ આડેધડ દીક્ષા લેતા જાય છે, તે અયોગ્ય દીક્ષાઓ ઉપર જો કોઈ કંટ્રોલ મૂકવામાં નહિ આવે તો સંઘની સમસ્યાઓ અને સાધુસંસ્થાની સમસ્યાઓ પણ વધવાની છે, ઘટવાની નથી.

આજે ગૃહસ્થોમાં જેમ દીકરા-દીકરીઓનો મોહ વધ્યો છે, તેમ અમારા સાધુસમાજમાં ચેલા-ચેલીઓનો મોહ વધ્યો છે. સૌને પોતાના શિષ્ય સમુદાયની સંખ્યા વધારવી છે, પરિણામે યોગ્યતાનું લક્ષ્ય ભૂલાયું છે. અને આવી અયોગ્ય દીક્ષાઓને લીધે જ અનેક સમસ્યાઓ સર્જાઈ છે.

દીક્ષાઓના વરઘોડા તો અવારનવાર નીકળે છે, દીક્ષાર્થીઓના મેળાવડાઓ પણ ધામધૂમપૂર્વક યોજાય છે. અને એવા મેળાવડાઓમાં ભાષણ કરવા માટે પણ તમારામાંથી ઘણા બધા કદાચ ગયા હશે. પરંતુ આજે મારે તમને ખૂબ જ નિખાલસતાથી અને સહૃદયતાથી પૂછવું છે કે, જે કોઈ દીક્ષાના મેળાવડામાં તમે ગયા હો, જેમને તમે હાર પહેરાવ્યા હોય, જેમના તમે વરઘોડા ચઢાવ્યા હોય અને ધામધૂમથી જેમને તમે દીક્ષાઓ અપાવી હોય તેવા, તમારી નજર સામે દીક્ષિત થયેલા કદાચ ડઝનબંધ સાધુઓ અને સાધ્વીજીઓ

હશે, તમારા હાથે કે તમારા સંઘમાં દીક્ષિત થયેલા એ સાધુમહારાજો કે સાધ્વીજી મહારાજો હવે આજે ક્યાં છે અને કેવી હાલતમાં જીવે છે? તેની થોડી પણ ચિંતા તમે કરી છે ખરી? દીક્ષા અપાવ્યા પછી બે-પાંચ વર્ષ બાદ તેમની ખબર પૂછવા તમે ગયા છો ખરા?

શું માત્ર દીક્ષાઓ અપાવીને જ તમારી જવાબદારીઓ પૂરી થઈ જાય છે? જે સંઘ દીક્ષાઓ આપે છે કે અપાવે છે, જે આચાર્યો કે ગુરુઓ તેમને સાધુસંસ્થાની અંદર દાખલ કરે છે કે શિષ્ય તરીકે સ્વીકારે છે, તે આચાર્યોની અને તે સંઘના અગ્રણીઓની શું કોઈ જ ફરજ નથી?

**સાધુ સાધ્વીજીના જીવનની જવાબદારી કોની ?**

આપણા સુખી પરિવારના ભાઈઓ અને બહેનો પોતાના માતાપિતાને છોડીને, પોતાના વહાલસોયા ભાઈબહેનોને છોડીને, પોતાના હર્યાભર્યા ઘરસંસારને છોડીને પ્રભુ મહાવીરના ચરણે અને તેમના ધર્મસંઘના શરણે પોતાના સમગ્ર જીવનનું સમર્પણ કરે છે, તેમના સમગ્ર જીવનના સર્વતોમુખી વિકાસની ચિંતા કરવી અને તે અંગેની જવાબદારીઓ અદા કરવી, એ કોનું કર્તવ્ય છે?

ક્યે દિવસે આપણે વિચાર્યું કે 'ગયે વર્ષે જેમને આપણે દીક્ષા અપાવી હતી... આજે બાર મહિના થઈ ગયા. જરા જઈને એમની સુખશાતા તો પૂછી આવીએ...!' ભલે એ વ્યક્તિ અજાણી હોય, આપણી નિકટના સગાસંબંધીમાંથી ન હોય, પણ આપણા સંઘની તો ખરી ને? એમને જઈને જરા પૂછીએ કે 'મહારાજ સાહેબ, અમારા સંઘમાં આપની દીક્ષા ગયે વર્ષે થઈ હતી, આપના

સાધુજીવનના આ બાર મહિના કેવા ગયા? આપને શારીરિક રીતે તો કોઈ તકલીફ નથી ને? માનસિક રીતે કોઈ અશાંતિ તો નથી ને? સહવર્તીઓ સાથે કોઈ સંઘર્ષ તો નથી ને? આપનો આધ્યાત્મિક વિકાસ કેવો છે? આપનો વૈરાગ્ય પ્રબળ બનતો જાય છે ને? આપની સંયમ સાધનામાં કોઈ અગવડ છે? અમારા લાયક કાંઈ કામકાજ? આપને કોઈ ચીજવસ્તુનો ખપ હોય તો અમને લાભ આપો.' આવું કોઈ સાધુ કે સાધ્વીજી મહારાજ પાસે જઈને તમે પૂછ્યું છે ખરું? આ જવાબદારી તમારી ખરી કે નહિ?

આવી કોઈ જવાબદારીઓ સમજવી નહિ, અદા કરવી નહિ અને પછી ભાષણો કરવા હોય કે 'સાધુઓમાં શિથિલાચાર વધી રહ્યા છે, સાધુઓ એમની આચારમર્યાદાઓ ચૂકી રહ્યા છે...' તો મારે એ પૂછવું છે કે એના માટે જવાબદાર કોણ છે?

અયોગ્ય દીક્ષાઓ આપનારા આચાર્યો એના માટે જવાબદાર નથી? કે અયોગ્ય દીક્ષાઓને ઉત્તેજન આપનારો સંઘ એના માટે જવાબદાર નથી?

જો તમે અયોગ્ય દીક્ષાઓને ઉત્તેજન આપો છો તો તેમાંથી જે અનેક સમસ્યાઓ ઉભી થવાની છે તેનો સામનો કરવાની તૈયારી પણ રાખવી જ પડશે, અને જો આ સમસ્યાઓનો ઉકેલ લાવવો હોય તો, સૌથી પહેલા અયોગ્ય દીક્ષાઓ ઉપર નિયંત્રણ મૂકવું પડશે.

શાસ્ત્રોમાં દીક્ષા માટેની યોગ્યતાનું શું વર્ણન છે, એ આપણે સમજ્યા છીએ ખરા? દીક્ષા આપનારની લાયકાત શું શું હોવી જોઈએ? દીક્ષા લેનારની લાયકાત શું શું હોવી જોઈએ? અને

દીક્ષા અપાવનારની લાયકાત તથા જવાબદારી શું શું હોવી જોઈએ? તે બધી જ વાતો આપણા શાસ્ત્રોમાં બતાવેલી છે.

કોણ દીક્ષા આપી શકે ? કોણ દીક્ષા લઈ શકે ? દીક્ષા લેનારમાં ક્યા અને કેટલા ગુણ હોવા જોઈએ અને દીક્ષા આપનાર ગુરૂમાં ક્યા ક્યા ગુણ હોવા જોઈએ, એની તમને ખબર છે ?

ના, આપણે તો માત્ર દીક્ષાઓના વરઘોડા ચડાવવાનું સમજ્યા છીએ, અને એ વરઘોડા ચડાવ્યા પછી ક્યારેક કોઈક સાધુના જીવનમાં કંઈક અઘટિત જોવા મળે તો ફજેતીના વરઘોડા પણ ચડાવતા આપણને વાર નથી લાગતી ! જરા કાંઈક જોઈશું એટલે દેકારો બોલાવી દઈશું ! તરત ટીકાટીપ્પણીઓ અને નિંદાઓ કરવા બેસી જઈશું. અને ત્યારે આપણે એ ભૂલી જઈએ છીએ કે આ સાધુ સાધ્વીઓ પણ આ જ સમાજમાંથી આવ્યા છે કે બીજેથી આવ્યા છે ? આ સમાજનું જ અન્ન એમના પેટમાં જાય છે. આ અન્ન જો સારું ન હોય તો એમના મન ક્યાંથી સારા રહેવાના છે ? આપણી શું કોઈ જ જવાબદારી કે ભૂલ નથી ?

**અયોગ્ય દીક્ષાઓ બંધ કરો :**

આ બધી સમસ્યાઓનો સાચો ઉકેલ લાવવો હોય તો પાયામાંથી આ પ્રશ્નોને વિચારવા પડશે. દરેક ભક્તોએ પોતપોતાના ગુરૂઓ પાસે જઈને કહેવું પડશે કે 'મહારાજ સાહેબ ! થોડા સમય માટે દીક્ષાઓ બંધ કરો, કમસે કમ અયોગ્ય દીક્ષાઓ તો બંધ કરો જ.'

અને બીજી એક વાત... ઠીક છે ચાલો, દીક્ષા તો આપી પણ પછી શું ? એ નવદીક્ષિત આત્માનું યોગ્ય ઘડતર થાય, એનો

વૈરાગ્ય દિવસે દિવસે વધતો જાય, અને જ્ઞાનદષ્ટિ મળે એ માટેની કોઈ નક્કર યોજના આપણા સંઘ પાસે છે ખરી ? એ માટેના કોઈ વ્યવસ્થિત આયોજનો આપણા આચાર્યોએ આજે કર્યા છે ખરા ?

કોઈ વ્યક્તિએ આજે દીક્ષા લીધી એટલે અમે તો એમ માનીએ કે 'શાસનનો જયજયકાર થઈ ગયો અને અમારો બેડો પાર થઈ ગયો !' અને તમે એમ માનો કે 'આણે તો કુળ અજવાળી દીધું !' પણ પછીના દિવસોમાં એ વ્યક્તિના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસની ચિંતા કોણ કરશે ? 'જે સાધુઓ અને સાધ્વીજી મહારાજોને અમે દીક્ષાઓ આપી છે કે અપાવી છે તેમને ભણાવવા માટે શી જરૂરીયાતો છે ? એમના સંયમ જીવનના ઘડતર માટે આપની પાસે શું યોજનાઓ છે ? આ આ અંગે અમે શું સેવા કરી શકીએ એમ છીએ ?' આવા પ્રશ્નો તમે કોઈ દિવસ આચાર્યોને જઈને પૂછ્યા છે ખરા ? દીક્ષા અપાવનાર સંઘ તરીકે આ બધી શું તમારી ફરજ નથી ?

એક બાજુ આચાર્યોને એમના સામૈયા ચાલ્યા કરે... વરઘોડા ચડ્યા કરે... એમના પ્રવચનો થયા કરે... ઉત્સવ-મહોત્સવો અને ધામધૂમથી ઉજવાતા શાસન પ્રભાવનાના કાર્યોમાં તેઓ ગળાબૂડ ડૂબેલા રહે.

બીજી બાજુ અમારો શ્રાવક સમાજ એમના અર્થોપાર્જનની પ્રવૃત્તિઓ... એમના અહં મમના પ્રદર્શનો અને વિષય-કષાયની આંટીઘૂંટીઓમાંથી ઊંચો આવતો ન હોય, તો વૈરાગ્યપૂર્વક સંસારનો ત્યાગ કરીને જે નવો નિશાળીઓ (નવદીક્ષિત આત્મા) પ્રભુના ધર્મસંઘને શરણે આવ્યો છે એના જીવન ઘડતરની જવાબદારી કોણ સંભાળશે ?

નવદીક્ષિત આત્મા પણ આખરે તો માણસ છે. એને પણ કોઈક સમસ્યાઓ હોય. એના મનને કોઈ સંકલેશ નથી સતાવતો ને ? એને કોઈ અશાંતિ તો નથી ને ? એના શરીરને કોઈ તકલીફ નથી ને ? એની જરૂરિયાતો બધી યોગ્ય રીતે પૂર્ણ થાય છે ? આ બધી વાતની કોઈ દિવસ આપણે ચિંતા કરી છે ?

કેટલાક શ્રાવકો ફરિયાદ કરતા આવે છે કે 'સાધુઓ અને સાધ્વીઓ પાલીતાણામાં પડ્યા ને પાથર્યા રહે છે ! સાધુઓ દવાઓ કે ચીજ વસ્તુઓ માંગ્યા કરે છે. વિગેરે...' પણ ન માંગે તો શું કરે ? તમે જો તમારી જવાબદારીઓમાંથી ચૂક્યા હો તો સાધુઓ પછી મર્યાદા ચૂકે પણ ખરા.

હું એમ નથી કહેતો કે, સાધુ સમાજનો કોઈ દોષ નથી, તેમની કોઈ ક્ષતિ નથી, પણ તેમનામાં ય જે કાંઈ ખામીઓ છે તેના માટે પણ અમુક અંશે જવાબદાર આ સંઘ છે - અયોગ્ય દીક્ષાઓ આપનાર અને અપાવનાર છે. જ્યાં સુધી એના પર નિયંત્રણ નહિ મૂકાય ત્યાં સુધી આ સમસ્યાઓ રહેવાની જ છે.

મને તો સ્થાનકવાસી સમાજને ધન્યવાદ આપવાનું મન થાય છે કે એ સમાજે આ પાયાના પ્રશ્નો ઉપર થોડું પણ ચિંતન કર્યું... વિચાર કર્યો અને એવા નિયમો બનાવ્યા કે 'આજના કાળના સંદર્ભમાં અમુક વય થયા પછી જ, વ્યક્તિ પરિપક્વ થાય પછી જ દીક્ષા આપવી... જેણે દીક્ષા લેવી હોય તેણે પાંચ વર્ષ સુધી શાસ્ત્રોનો ફરજિયાત અભ્યાસ કરવો પડે... તે પછી જ સંઘ એમની દીક્ષાની અનુમતિ આપે... દીક્ષા લીધા પછી પણ પોતાના નામની આગળ 'મુનિ' સિવાય બીજા વિશેષણો ન લગાડવા, વિગેરે..' આવા નિર્ણયો સ્થાનકવાસી સમાજે કર્યા એવું મને

જાણવા મળ્યું છે. આ નિર્ણયોનું વ્યવસ્થિત પાલન જો થશે તો એનું સારું પરિણામ આવશે. મને કહેવાનું મન થાય છે કે, મૂર્તિપૂજક સમાજ પણ આમાંથી કંઈક બોધપાઠ લે તો સારું.

**જરૂરી છે : સાધના અને અભ્યાસનું આયોજન**

સાધુ-સાધ્વીજીઓના જીવનઘડતર માટે વિચારપૂર્વકના કોઈ આયોજનો થાય અને તેનું પાલન થાય તે ખૂબ જરૂરી છે. સાધુજીવન સ્વીકાર્યા પછી જે મહત્ત્વની વાત હતી, **આત્માની સાધના** - એ સાધનાનું મૂળ લક્ષ્ય જ જો ભૂલાઈ જાય અને અંતર્મુખતા જો કેળવાય નહિ તો એ નવદીક્ષિત આત્માની હાલત શી થાય ? આજે તો સાધુ બન્યા પછી આત્મજાગૃતિ અને સાધનાનિષ્ઠા કેળવાયા વિના તરત જ અમારું લક્ષ્ય એ બની જાય છે કે 'અમે જલ્દી સારા વ્યાખ્યાતા કેમ બનીએ ! અને ક્યારે અમારી પણ મોટી મોટી સભાઓ ભરાય !'

દૃષ્ટિની સ્પષ્ટતા વિના, શાસ્ત્રોના અભ્યાસ વિના અને સાધનાનો પાયો મજબૂત થયા વિના, લોકોપકારની આ ઘેલછા અને મોહજનિત સ્પર્ધામાં જો નવદીક્ષિત સાધુ અટવાઈ જાય કે ભરમાઈ જાય તો એનું સાધકજીવન સફળ શી રીતે બને ?

સાધુજીવન સ્વીકાર્યા પછી એનો યોગના માર્ગે વિકાસ થાય... ધ્યાનના માર્ગે વિકાસ થાય... એની આત્મપરિણતિ ઘડાય... એની બહિર્મુખતા ઓછી થાય અને અંતર્મુખતા વધતી જાય... એ માટેનું કોઈ સ્પષ્ટ આયોજન અને સુંદર આલંબન આપણા સંઘમાં ઊભું કરવામાં નહિ આવે તો દીક્ષાઓ સફળ બનેલી નહિ કહેવાય. આ માટે ઘણું બધું કરવું ખૂબ જ જરૂરી બન્યું છે.

આજે તો નવદીક્ષિત બનેલા આત્માઓને પ્રાથમિક તબક્કે પણ આવું કોઈ પુષ્ટ આલંબન ઘણીવાર મળતું નથી. પરિણામે એમની બહિર્મુખતાઓ વધતી જાય છે. સંઘર્ષો, સંક્લેશો અને સમસ્યાઓમાં એમના વર્ષો પસાર થઈ જાય છે અને એ બધું કરતાં કરતાં જ્યારે એ સાધુ કે સાધ્વી ઘરડા થાય ત્યારે એ વૃદ્ધ થયેલા સાધુ-સાધ્વીઓ માટે પણ એમની જીંદગીના પાછલા વર્ષો સુખમય અને સમાધિમય પસાર થાય તે માટે પણ આપણે ક્યાં કોઈ વ્યવસ્થા વિચારી છે ?

**વૃદ્ધ સાધુ-સાધ્વીજીઓનો પ્રશ્ન :**

આજે કોઈ સાધુ પચ્ચીસ-પચાસ વર્ષનું દીક્ષાજીવન ગાળીને ઘરડા થાય... અશક્ત થાય... અપંગ થાય... તો પણ એની જીંદગીની છેલ્લી પળ સુધી, સમાધિપૂર્વક એ એનું જીવન જીવી શકે, એની જરા પણ ઉપક્ષા ન થાય અને એની સારામાં સારી વૈયાવચ્ચ થાય એવી વ્યવસ્થાઓ અને કાયમી આયોજનો આપણો સંઘ કરી શક્યો છે ખરો ?

એવો એકાદ ઉપાશ્રય પણ મને કોઈ બતાડશો ? કે જે, કોઈ સમુદાય સાથે, કોઈ ગચ્છ કે પક્ષ સાથે બંધાયેલો ન હોય, ભગવાન મહાવીરના ધર્મના ઉપાસક કોઈ પણ અશક્ત, વૃદ્ધ કે અટકેલા સાધુ ત્યાં આગળ આવે તો તેને માટે એ ઉપાશ્રયના દરવાજા ખુલ્લા હોય અને ત્યાંનો સંઘ તેમની અંતિમ પળ સુધી તન, મન, ધનથી સેવા કરીને સાધુભક્તિનું પુણ્ય કમાવા અને તેમની બધી જ જવાબદારી ઉપાડવા તૈયાર હોય.

શું આ જવાબદારી આપણા સંઘની નથી ? આ જવાબદારી આપણા આચાર્યોની નથી ? જે આચાર્યોના શરણે આવતાં,

વ્યક્તિએ માબાપ, પરિવાર અને ઘરસંસારને છોડ્યો છે, એ આચાર્ય જો પોતાના આશ્રિતની અંતિમ પળ સુધીની જવાબદારી ઉપાડવા તૈયાર ન હોય, એની સમાધિની ચિંતા કરવા તૈયાર ન હોય, એને માટે કોઈ વ્યવસ્થિત આયોજન કરી શકતા ન હોય તો એ ગુરૂઓ અને આચાર્યો, એ આત્માનો દ્રોહ કરી રહ્યા છે અને વિશ્વાસઘાત કરી રહ્યા છે એમ નથી લાગતું ?

'जो गिलाणं पडियरई सो मां पडियरई'

'જે ગ્લાન સાધુની સેવા કરે છે તે મારી સેવા કરે છે' એમ કહીને પ્રભુ મહાવીરે બિમાર, વૃદ્ધ અને અશક્ત સાધુની વૈયાવચ્ચને અને એ દ્વારા એ સાધુને પમાડાતી સમાધિને ઘણો ઊંચો દરજ્જો આપ્યો છે.

આવા વૃદ્ધ સાધુઓની ઉપેક્ષા કરીને અને તેમના ચિત્તમાં સંકલ્પવિકલ્પો કે અસમાધિ જન્મે તેવા સંયોગો સર્જીને આપણે પ્રભુ મહાવીરની કોઈ આશાતના તો નથી કરી રહ્યા ને ?

ઘરડા સાધુ-સાધ્વીજીઓ શારીરિક કારણે વિહારાદિ ન કરી શકે ત્યારે, તેમની જીંદગીના છેલ્લા વર્ષો સ્થિરવાસ કરીને, શાંતિથી પોતાની આત્મસાધના કરી શકે, કે જ્યાં તેમની તમામ જરૂરિયાતો માનભેર પૂર્ણ થતી હોય, મમતાભરી માવજત થતી હોય, તેમના મનની સમાધિ અને પ્રસન્નતા જળવાય તેવી સંભાળ લેવાતી હોય તેવું ક્યું સ્થાન કે કેન્દ્ર આપણા સંઘે નિર્માણ કર્યું છે ?

તીર્થંકરોના ધર્મસંઘના શરણે જીવનનું સમર્પણ કરનાર એ વૃદ્ધ સાધુ-સાધ્વી ક્યાં જાય ? પોતાના હૃદયની મૂંઝવણ અને વ્યથા કોને કહે ? એણે તો અનિશ્ચિતતાભરી, લાચારીભરી અને

ચિંતાભરી જીંદગી જ વીતાવવાની ને ? સંઘ અને શ્રાવકો દ્વારા દર્શાવાતી એ ઉપેક્ષાનું પરિણામ શું આવ્યું છે તે જાણો છો ?

હવે શક્તિશાળી અને યુવાન સાધુઓ પણ ક્યારેક એવા વિચારમાં ચઢી જાય છે કે - 'આ સમાજ તો શક્તિનો પૂજારી છે, કાલે ઊઠીને આપણે અશક્ત થયા, બાહ્ય પુણ્ય કે પ્રભાવમાં ઓટ આવી તો પછી આ સમાજમાં કોઈ ભાવ પૂછવાનું નથી, માટે આપણી પાછલી જીંદગી સમાધિપૂર્વકની વીતે... જીવન શાંતિથી જાય... કોઈની લાચારી ન ભોગવવી પડે એ માટે કંઈક વ્યવસ્થા કરી લો !'

આ વિચારબિંદુમાંથી દરેક શકિતશાળી સાધુઓની પોતપોતાની સંસ્થાઓ અને કેન્દ્રો ઊભા થવાં લાગ્યાં અને પાછો આ સમાજ એની પણ ટીકા કરવા માંડ્યો કે 'સાધુઓ મઠ બંધાવતા થઈ ગયા છે !' સંઘ એની જવાબદારી સંભાળે નહિ તો સાધુઓ શું કરે ? કોણ જવાબદાર છે આ માટે ? સાધુઓને આવું શા માટે વિચારવું પડે છે ? તેનું કોઈએ સહાનુભૂતિથી ચિંતન કર્યું છે ખરું ?

સાધુ સંસ્થાની સમસ્યાઓ અને શિથિલાચારની ચર્ચાઓ કરવા નીકળી પડેલાઓને મારે કહેવું છે કે 'પહેલા તમારી જવાબદારીઓ અને કર્તવ્યોનો વિચાર કરો... એની ચર્ચાઓ કરો... એ માટેના આયોજનો કરો... અને એમાં તમારી શક્તિ કામે લગાડો...' પછી સાધુ સંસ્થાની ઘણી સમસ્યાઓ હલ થઈ શકશે. માત્ર સાધુઓની ટીકાટીપ્પણીઓ કે વાતો કરવાથી કોઈ કામ નહિ થાય.

ઘરડા સાધુસાધ્વીઓની ક્યારેક કેવી ઉપેક્ષાઓ થાય છે એ તમે જાણો છો ? અમે તો સાધુ તરીકે ઘણાં વર્ષોથી આ સંસ્થામાં છીએ અને એ દરમ્યાન કેટલાય વૃદ્ધ સાધુસાધ્વીઓને લાચારીભરી અને અસહાય પરિસ્થિતિમાં મૂકાયેલા જોયા છે. આર્તધ્યાનમાં અટવાતા જોયા છે અને સહુની ઉપેક્ષાનો ભોગ બનીને રીબાતા પણ જોયા છે.

**ઘડપણમાં દીક્ષા લેતાં ખૂબ વિચાર કરજો :**

સાધુસંસ્થાની આ વિષમ પરિસ્થિતિનો વિચાર કરું તો ક્યારેક એમ કહેવાનું મન થઈ જાય છે કે 'અમારા ભગવાનના શાસનમાં મોટી ઉંમરે પણ દીક્ષા લેવાનો અધિકાર પ્રભુએ ભલે આપ્યો છે, પણ આ સંઘની જો આ દુર્દશા હોય, સંઘ જો આટલી હદે ઉપેક્ષાભર્યું વલણ ધરાવતો હોય તો મોટી ઉંમરે દીક્ષા લેતા પહેલાં લાખ વાર વિચાર કરજો. કદાચ તમારી સમાધિ જોખમાઈ ન જાય એ ખાસ વિચારજો.'

કારણ કે એ કમોતે મરતા સાધુઓને પણ અમે જોયા છે... જેની સેવા કરનાર કોઈ સાધુ ન હોય... કોઈ શ્રાવક ન હોય એક નોકરિયાત... પાલીતાણાનો ડોલીવાળો એમની સેવામાં મૂકી દેવામાં આવ્યો હોય... બાકીના સાધુઓ ઉપર મોજથી જીવતા હોય.. અને નીચેના હોલમાં એક નોકરિયાત માણસ અપંગ અને લકવામાં પડેલા સાધુની જેવીતેવી સેવા કરતો હોય. અને અંતિમ પળે 'નવકાર મંત્ર' પણ સંભળાવનાર કોઈ ન હોય... એવા સાધુના મૃત્યુની વાતો પણ મેં સાંભળી છે.

આજે આ 'બંધુત્રિપુટી' તો કાંઈ જ નથી પણ જૈન સંઘને અને જૈન સમાજને જબરદસ્ત યોગદાન એક ત્રિપુટી મહારાજે આપ્યું છે... દર્શનવિજય, જ્ઞાનવિજય અને ન્યાયવિજય.. આ ત્રિપુટી મહારાજ, જેમણે 'જૈન પરંપરાનો ઈતિહાસ' - ૨૫૦૦ વર્ષનો પ્રભુ મહાવીરના સંઘનો સૈકાવાર નહિ પણ વરસવાર અભ્યાસપૂર્ણ ઈતિહાસ તૈયાર કર્યો, જે પાંચ વોલ્યૂમોમાં હવે પ્રગટ થઈ ચૂક્યો છે; એવા મહાન જ્ઞાની અને મહાન ચારિત્ર્યવાન એ ત્રિપુટી મહારાજની પણ છેલ્લી અવસ્થામાં શી હાલત થઈ હતી તે તમે જાણો છો ?

શક્તિશાળી હતા ત્યાં સુધી આ સમાજ એમની પાછળ પાછળ દોડતો રહ્યો, પણ જ્યારે એ ત્રિપુટી મહારાજ ઘરડા થયા, અને એમાં એક પછી એક કાળધર્મ પામતા ગયા, ત્યારે છેલ્લે રહેલા મુનિવરનું અંતિમજીવન ભારે કરૂણતાભર્યું બની ગયું હતું... શંખેશ્વર તીર્થમાં એ મુનિવર પોતાની એકલતા, સમાજે બતાવેલી ઉપેક્ષા અને ભૂતકાળના દિવસોને યાદ કરીને ચિત્તની સ્વસ્થતા ખોઈ બેઠા હતા, અને ચિત્તભ્રમની એ સ્થિતિમાં ક્યારેક પાલગ જેવું વર્તન કરતા એ વૃદ્ધ મુનિવરને શંખેશ્વરની ધર્મશાળામાં આંટા મારતા, દૂરથી ઘણાએ જોયા હશે. એમણે ગોચરી વાપરી કે નહિ ? એમને દવા મળી છે કે નહિ ? એવી નાની નાની પણ સંભાળ લેનાર તેમની પાસે કોઈ નહોતું.. આ બધું જોઈને તે દિવસે ભગવાન શંખેશ્વર પાર્શ્વનાથ પાસે જઈને હું રડ્યો હતો... ! કે 'પ્રભુ, તારા સાધુની આ સ્થિતિ ? અમારો આ સંઘ વ્યક્તિપ્રેમી... શક્તિપ્રેમી અને સમુદાયપ્રેમી જ બનશે ? સાધુતાનો પ્રેમી નહિ બને ? જે સાધુએ સંઘની અને સમાજની

આવી મહાન સેવા કરી, આટલું અદ્‌ભૂત જ્ઞાન આપ્યું, તે સાધુની આજે આવી કફોડી હાલત ?'

'બંધુત્રિપુટી'માં શક્તિ છે એટલે તમે બધા અમારી પાસે દોડી દોડીને આવો તેમાં અમારે જરાય હરખાઈ જવા જેવું નથી. અમે તો ચાતુર્માસ પૂર્ણ થશે એટલે અહીંથી વિદાય થઈ જઈશું પણ અમારી પ્રત્યે જે સદ્‌ભાવ અને લાગણી દર્શાવો છો, જે પ્રેમભરી સંભાળ રાખો છો તેવી જ અમારા પછી બીજા કોઈ ભલાભોળા સાધુસાધ્વી આવશે તો તેમની પણ રાખશો ને ?

ધારો કે આ સંઘમાં કોઈ ઘરડા અશક્ત સાધુ આવે, જેમને વ્યાખ્યાન વાંચતા આવડતું ન હોય, જેઓ બહુ પ્રસિદ્ધ ન હોય, જેમનું કદાચ કોઈ વિશિષ્ટ પુણ્ય નહિ હોય પરંતુ તેઓ ખરેખર આત્માર્થી હશે, શાંતિથી પોતાની આત્મસાધના કરનારા હશે... એવા કોઈ ઘરડા સાધુ મહારાજ પાસે મારી સામે બેઠેલા આ હજારો માણસોમાંથી કેટલા આવશે અને કેટલા જઈને તેમને પૂછશે કે 'મહારાજ સાહેબ ! કાંઈ જરૂરિયાત છે ? મહારાજ સાહેબ કાંઈ સેવાનો લાભ આપો...!'

આવા સાધુસાધ્વીજીને સંભાળવાની, તેમની સેવા ભક્તિ કરવાની જવાબદારી પોતાને સાધુઓના માત-પિતા કહેવડાવનારા શ્રાવકોની નથી શું ? વિચાર કરજો.

આપણા પ્રભુ મહાવીરનો એક પણ સાધુ જો અસમાધિમાં મરશે કે 'આ મુનિવેશ સ્વીકાર્યા પછી કોઈએ મારી સંભાળ ન લીધી... આના કરતાં મેં દીક્ષા ન લીધી હોત તો ઘરે મારી સેવા તો થાત...' આવા વિચાર કે વિકલ્પમાં કોઈ સાધુસાધ્વી મરશે

તો એને કદાચ 'મેં ક્યાં નકામી દીક્ષા લીધી.' એવા પશ્ચાતાપના કારણે ભવાન્તરમાં આ સાધુપણું દુર્લભ બની જશે.

કોઈ પણ સાધુ અસમાધિમાં ન મરે એની જવાબદારી આ સકળ સંઘની છે. ચતુર્વિધ સંઘ આ પ્રશ્નને ગંભીરતાથી વિચારે એવી મારી અત્યંત ભારપૂર્વકની ભલામણ છે.

**સાધ્વી સંઘનો પ્રશ્ન પણ વિચારણીય છે :**

આ બિમાર, ઘરડા અને અશક્ત સાધુસાધ્વીઓની સાથે સાથે યુવા સાધ્વીજીઓનો પ્રશ્ન પણ ગંભીરપણે વિચારવા જેવો છે.

શ્રીમંત ઘરની કુમળી કન્યાઓ કોઈ સાધુપુરુષના પ્રવચનો સાંભળીને, વૈરાગ્યવાસિત થઈને દીક્ષિત થાય છે, ત્યારે એ નાની વયની યુવાન સાધ્વીજીઓના પણ કેટલાક પ્રશ્નો છે, એનો વિચાર આપણે ક્યારેય કર્યો છે ?

આ વિચારક સંમેલનની આજની સવારની બેઠકમાં જ કોઈક વક્તાએ કહ્યું કે 'રાજસ્થાનમાં વિહાર કરતાં જંગલમાં બે સાધ્વીઓની ઉપર બળાત્કાર થયો... વિગેરે...' છતાં આ જૈનસમાજે એની નોંધ સરખી યે લીધી ? એના વ્યાપક વિરોધો કર્યા ? એને માટે કોઈ ઠરાવો કરીને સક્રિય પગલા ભર્યા ? કે બે દિવસ વાતો કરીને સહુ ઘરે બેસી ગયા ?

આપણા પ્રભુ શાસનને સમર્પિત થયેલી આ સાધ્વીઓના શીલ ખંડિત થાય તે છતાં અમારા સંઘના કે સંઘનાયકોના પેટના પાણી યે ન હાલે, ત્વરીત અને અસરકારક કોઈ નક્કર પગલાં તેના માટે ન લેવાય તો એ સંઘને શું કહેવું તે હું નહિ બોલું.. તમે જ વિચારજો !

આ સાધ્વી સંઘના આજે કેટકેટલા પ્રશ્નો છે ! યુવાનવયે દીક્ષિત થનાર એ બહેને ૪૦-૫૦ વર્ષ સુધી જે સાધ્વીજીવન જીવવાનું છે તેમાં કેવા કેવા તબક્કાઓમાંથી અને પરિસ્થિતિઓમાંથી તેમને પસાર થવું પડશે, તેનો કોઈ દિવસ તમે વિચાર કર્યો છે ખરો ? એ સાધ્વીના પચાસ વર્ષો અને તેના એક એક દિવસો પ્રસન્નતાભર્યા અને પવિત્રતાભર્યા વીતે એ રીતનું કોઈ વ્યવસ્થિત આયોજન આપણા સંઘનાયકોએ ગોઠવ્યું છે ખરું ?

સંસારના અનેક લોભામણા અને લલચામણા આકર્ષણોનો ત્યાગ કરીને, જે શાંતિ, આનંદ, પવિત્રતા અને આધ્યાત્મિક વિકાસની ઝંખના સાથે એક કુમારિકા સાધ્વીજીવન અંગીકાર કરે છે, તેને ખરેખર જીવનમાં ઉત્તરોત્તર વધુ શાંતિ મળે, આનંદ મળે, પવિત્રતા વધે અને આધ્યાત્મિક વિકાસની અનુભૂતિ થતી રહે તેવું વાતાવરણ સર્જવાની જવાબદારી કોની ? એમની પોતાની ? એમના ગુરૂની ? એમના આચાર્યની ? એમને દીક્ષા અપાવનાર સંઘની ? કે કોઈની યે નહિ ?

આ સાધ્વીજીઓના જીવન ઘડતરનો પ્રશ્ન ખૂબ ગંભીર વિચારણા અને સક્રિય આયોજન માંગે છે. એ માટે તેમનો વૈરાગ્ય પુષ્ટ થતો રહે, તત્વદષ્ટિ સ્પષ્ટ થતી રહે અને અંતર્મુખતા કેળવાતી રહે એવો વ્યવસ્થિત અભ્યાસક્રમ ગોઠવવો પડશે, વિશિષ્ટ સાધનાઓ તેમને કરાવવી પડશે અને તે માટેની જરૂરી તમામ સગવડો પણ ઉભી કરવી પડશે.

સાધ્વીઓના સહવર્તિ સાધ્વીજીઓ સાથે સુમેળભર્યા સંબંધો છે કે નહિ ? એમના મનમાં શાંતિ અને સમાધિ વધે છે કે કલેશ

અને સંક્લેશ વધે છે ? આ પ્રશ્નને પણ ગંભીરતાથી તપાસવો પડશે અને વિવેકપૂર્વક ઉકેલવો પડશે. અન્યથા પરિણામ ઘણું શોચનીય આવશે.

દરેક સાધ્વીઓને એમના જીવનનો યોગ્ય રીતે વિકાસ થાય એ માટેના આલંબનો અને યોગ્ય વ્યવસ્થાઓ પ્રાપ્ત થાય છે ખરા? આજે જ્યારે ગામડાઓ ભાંગતા જાય છે, અને જૈનોની વસ્તી ઘટતી જાય છે ત્યારે પાદવિહાર કરતી સાધ્વીઓના વિહારો સુખરૂપ થાય છે ?

વિહારના ગામડાઓમાં એમને કોઈ તકલીફો તો નથી પડતી ને ? એમની જીવન જરૂરિયાતો, ગોચરી-પાણી વિગેરે પણ એમને વ્યવસ્થિત મળી રહે છે કે નહિ ? કે પછી ભૂખ્યા-તરસ્યા પણ અગવડો વેઠીને આગળ વધવું પડે છે ? એ માટેની યોગ્ય વ્યવસ્થા સંઘ ગોઠવી શક્યો છે ખરો ?

આપણા આ સાધ્વીજી મહારાજો અનેક તકલીફો અને અગવડતાઓ વચ્ચે પ્રસન્નતાથી જે સંયમ જીવન જીવે છે એ જોઈને ખરેખર એમ થાય છે કે આ સાધ્વી સંઘને જેટલા ધન્યવાદ આપીએ અને જેટલા નમસ્કાર કરીએ તેટલા ઓછા છે. સ્ત્રી જીવનની કેટકેટલી મર્યાદાઓ હોવા છતાં પણ આજના આ વિષમકાળમાં એ સાધ્વીજીઓ કેવું પવિત્ર જીવન જીવે છે ! કેવી મક્કમતા પૂર્વક આ સંયમયાત્રામાં આગળ વધે છે ! મનને કેવું કેવું મનાવીને એ પોતે પ્રભુ મહાવીરના આદર્શને પ્રાપ્ત કરવા માટે જીવનભર ઝઝૂમતા રહે છે !

આવા સાધ્વીજી મહારાજોના જીવન પણ હવે વિહારોમાં

અને ગામડાઓમાં સલામત નથી એની તમને ખબર છે ? ક્યારેક કોઈ સાધુ સાધ્વીજીઓ સાથે બે મહિના ગામડાઓમાં વિહાર કરી જુઓ... ત્યારે ખ્યાલ આવે કે કોઈ રેલવેના સ્ટેશન ઉપર... કોઈ ગામની બહાર સ્કૂલમાં... કોઈ ગામના અજાણ્યા ચોરા પર રહેવું પડે અને એ અજાણ્યા સ્થળે રાતના બાર બાર વાગે દારૂ પીને દારૂડીયાઓ લથડતા લથડતા આવે ત્યારે અમારી ગભરૂ એવી પવિત્ર સાધ્વીજીઓનાં હૈયાં કેવા ફફડતાં હશે, એની જરા કલ્પના તો કરી જુઓ.

આવી કેટકેટલી ઘટનાઓ બની ચૂકી છે અને છતાં ય આપણો સમાજ ઊંઘતો જ રહ્યો છે. માટે અમારે કહેવું પડે છે કે **'જાગ રે... જૈન સમાજ... '** ઊંઘવાનો કોઈ અર્થ નથી ને ઊંઘતા રહીને બડબડાટ કરવાનો... સાધુ સાધ્વીઓની નિંદા-ટીકા કરવાનો કે ખોટી દયા ખાવાનો પણ કોઈ અર્થ નથી.

આપણા સંઘે આ સાધ્વીજીઓ માટે શું કર્યું ? સાધ્વી જીવનના જે અનેક પ્રશ્નો છે, તેનો વિચાર સક્રિયપણે કરો અને જો એ માટે કાંઈ કરવાની તમન્ના કે તૈયારી નહોય તો થોડા સમયને માટે બહેનોને દીક્ષા આપવાનું બંધ કરો.

હા, દીક્ષા સારી ચીજ છે, પરંતુ દેશ કાળના સંદર્ભમાં તેના લાભાલાભ વિચારવા જ પડશે. પરિસ્થિતિની વિષમતા લાગે તો વિવેકપૂર્વક, થોડા સમય માટે દીક્ષા આપવાનું બંધ કરવામાં ય કોઈ દોષ નથી. એમ ઈતિહાસનો અભ્યાસ કરતાં સમજાય છે.

મોગલયુગના સમયમાં સાધ્વી સંઘની સુરક્ષાનો પ્રશ્ન થોડો વિકટ બન્યો હતો, ત્યારે વિજયહીરસૂરીશ્વરજી અને

વિજયસેનસૂરીશ્વરજી મહારાજના સમયમાં એ પૂજનીય આચાર્યોએ એક સંઘપટ્ટક તૈયાર કર્યો હતો, અને તેમાં પાંત્રીસ વર્ષથી નાની વયની બહેનોને દીક્ષા ન આપવી એવા નિયમો ઘડવામાં આવ્યાં હતા. અને આ પટ્ટક તપગચ્છમાં સંઘમાન્ય પણ થયો હતો.

આજની વિષમ પરિસ્થિતિમાં પણ જરૂર લાગે તો, પૂજનીય ગીતાર્થ આચાર્યો અને ગચ્છાધિપતિઓ લાભાલાભનો વિચાર કરીને આ બધી વાતો વિચારે અને સકલસંઘને એકી અવાજે નિર્ણાયક માર્ગદર્શન આપે તે અત્યંત જરૂરી બન્યું છે.

**આધુનિક સાધનોના ઉપયોગનો પ્રશ્ન :**

જૈન સમાજના જે અનેક વિચારણીય પ્રશ્નો છે એમાં અત્યંત મહત્વનો એક પ્રશ્ન છે : ધર્મપ્રચાર માટે આધુનિક માધ્યમોનો ઉપયોગ હિતાવહ છે કે નુકશાનકારક? આ વિચારક જૈન સંમેલનમાં કેટલાક લોકોએ આધુનિકતા અને ઈલેક્ટ્રીસીટીના ઉપયોગને ધર્મમાં વર્જિત ગણાવીને આધુનિક માધ્યમોના ઉપયોગ પ્રત્યે નારાજગી દર્શાવી છે. તો કેટલાક લોકોએ તેનું જોરશોરથી સમર્થન કર્યું છે.

મને તો એમ લાગે છે કે, આ બધી બાબતોમાં આપણા ચતુર્વિધ સંઘની મનઃસ્થિતિ ખૂબ જ સંદિગ્ધ અને અસ્પષ્ટ છે માટે જ પરસ્પર વિરોધાભાસી વલણો અને વિચિત્ર પ્રવૃત્તિઓ આપણને સંઘમાં જોવા મળે છે.

એક કાળ એવો પણ હતો કે જ્યારે જૈન સમાજ દઢતાથી એમ માનતો કે 'છાપખાનામાં પુસ્તકો કે ધર્મગ્રંથો છપાવાય જ નહિ.' અને કદાચ કોઈએ છપાવ્યા તો તેનો સજ્જડ વિરોધ

થયેલો, એમાં સૌને સિદ્ધાંતનો દ્રોહ અને ધર્મનો લોપ થતો દેખાતો હતો. અને હવે આજે ? આજે તો પુસ્તક છપાવવા એ જાણે સાવ સામાન્ય વાત બની ગઈ છે ! કોઈ સાધુ પુસ્તક છપાવે તો એ કાંઈ અનુચિત કરી રહ્યા છે, એવો વિચાર સુદ્ધાંય કોઈને નથી આવતો.

તમને ભાગ્યે જ એવા કોઈ શક્તિશાળી આચાર્ય કે સાધુ જોવા મળશે કે જેમના પ્રવચનના પુસ્તકો છપાતા ન હોય ! જેઓ ધર્મપ્રચાર માટે કોઈ માસિક, પાક્ષિક કે સાપ્તાહિક પત્ર ચલાવતા ન હોય !

આ છાપકામની પ્રવૃત્તિમાં શું કોઈ દોષ નહિ લાગતો હોય ? પ્રિન્ટીંગ પ્રેસમાં ચાલતા એ મશીનોમાં શું કોઈ જીવ હિંસા નહિ થતી હોય ? શું એ મશીનો ઈલેક્ટ્રીસીટી વિના ચાલતા હશે ? છતાં આની સામે સંસ્કૃતિરક્ષા કે ધર્મપ્રચારના લાભો વધુ સાર્થક જણાતા હશે, માટે જ આ પ્રવૃત્તિને સકળસંઘે અપનાવી લીધી હશે ને ?

થોડા વર્ષો પહેલાં જે પ્રવૃતિમાં તે વખતના પૂજનીય આચાર્યોને ધર્મનો ધ્વંસ દેખાતો હતો, તે જ પ્રવૃત્તિમાં આજે તેમના જ વારસદારોને ધર્મનો લાભ જણાતો હશે, માટે જ આજે એ પ્રવૃત્તિ આટલી સહજ અને વ્યાપક બની હશે ને ?

તો પછી એ જ અભિગમ આજે માઈક વિગેરેના ઉપયોગ અંગે પણ શા માટે અપનાવાતો નથી ? શા માટે તે અંગે વિરોધી વલણ અપનાવાય છે ? આધુનિકતા, ઈલેક્ટ્રીસીટીનો ઉપયોગ કે અન્ય વિરાધનાના દોષો વિગેરે જે વાંધા માઈક આદિના ઉપયોગ

અંગે ઉઠાવાય છે, તે બધા જ વાંધા પુસ્તક પ્રકાશન આદિ પ્રવૃત્તિમાં પણ સરખા જ લાગુ પડે છે. છતાં એક પ્રવૃત્તિ કરવી અને બીજામાં વાંધો લેવો તે કઈ જાતનું માનસ ? કે પછી 'પોતે કરે તે બધું બરાબર, ને બીજા કરે તે ખોટું !' એવું તો નથી ને ?

**સાધના કે ધર્મપ્રભાવના ?**

'આપણે સાધુ કોના માટે થયા છીએ, પોતાની સાધના કરવા કે જગતનું ભલું કરવા ? પોતાનું ગુમાવીને કે આચાર વિચારમાં બાંધછોડ કરીને બીજાનું ભલું કરવાની કાંઈ જરૂર નથી, આપણે તો આપણું સંભાળવાનું.'

આવું જે કહેતા હોય તે સહુએ જાહેર પ્રવચનો આપવાનું, પુસ્તકો છપાવવાનું કે માસિકપત્રો ચલાવવાનું મુલત્વી રાખી, સંસ્કૃતિરક્ષાના નામે કે ધર્મપ્રભાવનાના નામે ચાલતી ઘણી બધી પ્રવૃત્તિઓ વહેલીતકે બંધ કરી દેવી જોઈએ. અને મહાયોગી આનંદઘનજીની જેમ કોઈ એકાંતવાસમાં રહીને, સાધનામાં જ ઊંડા ઉતરીને સૂક્ષ્મનું બળ ઊભું કરવામાં લાગી જવું જોઈએ. પરંતુ એવું તો ભાગ્યે જ ક્યાંક જોવા મળે છે.

આજે આપણે ન સાચા સાધક રહી શક્યા છીએ કે ન તો પૂરા પ્રભાવક બની શક્યા છીએ. 'બાવાના બે ય બગડ્યા' જેવી સ્થિતિ આપણી થઈ હોય તેવું નથી લાગતું શું ? ન અંતર્મુખી સાધનાનું કોઈ ઊંડાણ જોવા મળે કે ન સાચા અર્થમાં શાસનપ્રભાવનાનો કોઈ વ્યાપ જોવા મળે !

જ્યાં ખરેખર સાધનાની વાત આવે કે શુદ્ધ સાધુતાની વાત આવે ત્યાં શાસનપ્રભાવના કે લોકોપકારને આગળ કરીને મૂળભૂત

આચારોમાં ઘણી બધી છૂટછાટો અને બાંધછોડ આપણે સ્વીકારી જ લીધી છે અને આત્મસાધનાને ગૌણ બનાવી છે.

તો બીજી બાજુ ધર્મપ્રચાર માટે આજના યુગમાં જે વ્યાપક શક્યતાઓ છે તેનો પૂરેપૂરો લાભ ઉઠાવીને ખરેખર જ્યાં શાસનપ્રભાવના કે ધર્મપ્રચારની વાત આવે છે ત્યાં વળી 'ના, આ તો અમારા આચારની વિરૂદ્ધ છે, આવું તો કેમ કરાય ?' એમ આચારચુસ્તતાની વાતો કરીને ધર્મપ્રચારની પ્રવૃત્તિને આપણે પાંગળી બનાવી દીધી છે.

આમ ન સાચા સાધક બની શકાય છે કે ન પૂરા પ્રભાવક બની શકાય છે. બધુ અધકચરું અને ઉપરછલ્લું જ રહી જાય છે. આનું જ નામ સંદિગ્ધ અને અસ્પષ્ટ વિચારધારા !

અમારા પોતાના શરીરની સ્વસ્થતા માટે અને અમારી મનની માનેલી શાસનપ્રભાવના માટે અમે આવી તો કેટકેટલી છૂટો લઈએ જ છીએ ને ! આધુનિકતા કે ઈલેક્ટ્રીસીટીના ઉપયોગનો વાંધો એમાં અમને ક્યારે નડ્યો છે ?

આપણા શ્રમણસંઘમાં એવા કેટલા સાધુઓ કે આચાર્ય મહારાજો મળશે કે જેમણે એવી પ્રતિજ્ઞા લીધી હોય કે 'મને ગમે તેવી તકલીફ થઈ જાય તો પણ હું કોઈ દિવસ સ્કીનીંગ નહિ કરાવું, એક્ષ-રે નહિ કઢાવું, કાર્ડિયોગ્રામ નહિ લેવડાવું, હોસ્પીટલમાં નહિ જાઉં કે ઓપરેશન નહિ કરાવું...' વિગેરે.

કુદરતી ઉપચારો, હોમિયોપથી અને આયુર્વેદિક સારવારના વિકલ્પો હોવા છતાંય એલોપથી ટ્રીટમેન્ટ અને ડૉક્ટરી આધુનિક સારવાર જ મોટેભાગે આપણે અપનાવી છે ને ! ત્યાં

ઇલેક્ટ્રીસીટીના માધ્યમથી જ ચાલતા મશીનો વાપરવાનો કે આધુનિકતાનો બાધ આપણને ક્યાં નડે છે ?

આનો અર્થ તો એ જ થયો ને કે, અમને અમારા શરીરની સુખાકારીતા જાળવવા માટે બધું કરવાની છૂટ ! પણ પ્રભુના આ પ્રભુના ધર્મના પ્રચાર માટે કાંઈ જ કરવાની છૂટ નહિ !

અરે, શારીરિક સ્વસ્થતા ખાતર જ નહિ, પણ સુષુપ્ત અહં અને વ્યકિતગત કે સાંપ્રદાયિક મહત્વાકાંક્ષાઓ પોષવા માટે પણ, શાસનપ્રભાવનાના નામે કેટકેટલા સમાધાનો આપણે નથી સ્વીકાર્યા શું ?

**આ તે કઈ જાતનો વિરોધાભાસ !**

આપણા સંઘમાં કેટલા આચાર્ય મહારાજો કે મુનિરાજો મળશે કે જેમણે ચોમાસા માટે સંઘમાં આવતા પહેલા શ્રાવકો સાથે એવી શરત કરી હોય કે 'તમે જો અમારા સામૈયામાં બેન્ડવાજા લાવશો તો અમે તમારે ત્યાં ચોમાસું કરવા નહિ આવીએ !' હા, 'વ્યાખ્યાનમાં માઈક રાખશો તો અમે વ્યાખ્યાન નહિ વાંચીએ' એવું કદાચ કહ્યું હશે, પણ 'સામૈયામાં બેન્ડવાજા લાવશો તો અમે તમારે ત્યાં નહિ આવીએ' એવું કહેવાનું મન કેમ નહિ થતું હોય ? બેન્ડવાજા વાગે તો અમારી વાહ... વાહ... થાય છે માટે જ ને ?

અમને અમારી વાહ વાહ બોલાવવા માટે અમારા સામૈયામાં બે બેન્ડ, પાંચ બેન્ડ કે સાત બેન્ડ બોલાવવાની છૂટ ! ત્યાં મોટાં મોટાં ભૂંગળાઓ - બ્યૂગલો જોરજોરથી કલાકો સુધી

વાગ્યા કરે તેમાં અમને વાયુકાયના જીવોની હિંસા દેખાતી નથી અને માઈકના ઉપયોગમાં જ વાયુકાયની હિંસા દેખાય છે ? આ તે કઈ જાતનો વિરોધાભાસ !

એ જ રીતે પોતે માનેલી શાસનપ્રભાવના માટે કે લોકોને ધર્મ તરફ આકર્ષવા માટે પ્રતિષ્ઠા પ્રસંગે, પર્યુષણપર્વના દિવસોમાં, મહોત્સવોના દિવસોમાં તથા મહાપૂજાના પ્રસંગે દેરાસરોને ભવ્ય રીતે શણગારવામાં નથી આવતા શું ? એ શણગાર માટે દેરાસરના રંગમંડપોમાં અને શિખરો ઉપર હજારો કે લાખ્ખો બલ્બની રોશની કરીએ જ છીએ ને ! ત્યાં ઇલેક્ટ્રીસીટીનો દોષ નથી લાગતો શું? તો અમે કોને વધુ મહત્ત્વ આપીએ છીએ ? સિદ્ધાંતને કે શાસનપ્રભાવનાને ? એ તો અમારે જ વિચારવાનું રહ્યું !

અરે, ઇલેક્ટ્રીસીટીની તો ક્યાં વાત કરવી, પરંતુ વૈજ્ઞાનિક સ્તરે પણ જે વનસ્પતિમાં જીવત્વ સાબિત થઈ ચૂક્યું છે એવી પુષ્પપૂજા અંગે, જૈનશાસ્ત્રોમાં પણ જ્યારે જયણાભર્યા વિધાનો છે ત્યારે, એ વિવેકને ભૂલીને ઉત્સવ-મહોત્સવોમાં કે મહાપૂજામાં શાસનપ્રભાવનાના નામે લાખ લાખ ફૂલોની આંગી કરાવવામાંય અમને ધર્મની વિરાધના નથી જણાતી ! હજારો કે લાખ-લાખ ફૂલની આંગી કે મહાપૂજા દરમ્યાન કેટલી જીવહિંસા થતી હશે તેનો વિચાર આપણો સંઘ કરશે ખરો ?

વળી આ હજારો અને લાખો ફૂલ શું તાજા તે દિવસના જ ચૂંટેલા આવતા હશે ? તો પૂજામાં કે આંગીમાં વાસી ફૂલ વાપરી શકાય ? અને આ ફૂલના ટોપલા પાલઘર, દહાણુ કે નાલાસોપારા બાજુથી ટ્રેનમાં કેવી રીતે આવે છે તે જોયું છે ?

ફૂલના ટોપલાની ઉપર જ માછલાંના ટોપલા ય પડ્યા હોય ! અને એવા માછીમારોના હાથે ચૂંટાયેલા તથા માછલાંની સાથે લવાયેલા અપવિત્ર ફૂલોથી પણ આંગી અને મહાપૂજાઓ કરવા-કરાવવામાં શું કોઈ દોષ લાગતો નહિ હોય ?

છતાં એને ધર્મપ્રભાવના અને શાસનપ્રભાવનાના નામે અમે ચલાવી લેતાં હોઈએ અને જ્યાં સમયસર માંગલિક કરી દેરાસર બંધ કરવાની પરંપરા હોય ત્યાં આવા ઉત્સવ-મહોત્સવના પ્રસંગે કે મહાપૂજાના પ્રસંગે રાતના બે-બે વાગ્યા સુધી પણ દેરાસરો ખૂલ્લા રાખવામાં કોઈ વાંધો આવતો ન હોય, તો પછી આપણને સિદ્ધાંતની કે પરંપરાની કેટલી પડી છે તે તો આપણે જ વિચારવાનું રહ્યું !

રોશનીમાં અમને ધર્મની પ્રભાવના દેખાય છે. ત્યાં ઇલેક્ટ્રીસીટીનો દોષ નથી લાગતો અને માઈકના ઉપયોગમાં અમને ધર્મનો ધ્વંસ થતો દેખાય છે ! આ તે કઈ જાતનો વિસંવાદ !

**માઈકનો ઉપયોગ કરવામાં શું વાંધો ?**

પર્યુષણ પર્વના દિવસોમાં કેટકેટલી તકલીફો વેઠીને દૂર દૂરથી માણસ વ્યાખ્યાન સાંભળવા આવતો હોય ત્યારે એને વ્યાખ્યાન બરોબર સંભળાય તે માટે કોઈ સંઘ માઈક વિગેરે સાધનોની ગોઠવણ કરે અને એ દ્વારા સેંકડો અને હજારો જિજ્ઞાસુઓ શાંતિથી ધર્મશ્રવણ કરી શકે એ શું ઓછો લાભ છે ?

કોઈ કદાચ એમ કહે કે દેરાસરોમાં રોશની તો શ્રાવક કરે છે. સાધુઓ ક્યાં કરે છે ? જ્યારે માઈકમાં તો સાધુએ બોલવાનું છે, તેનો વાંધો છે.

તો કોઈ એમ પણ કહેશે કે જેમ રોશની શ્રાવકો કરે છે તેમ માઈક પણ શ્રાવકો જ ગોઠવે છે, સાધુ પોતે ક્યાં ગોઠવે છે ? અને તેમાં પણ જો વાંધો હોય તો તો ઘણી બધી પ્રવૃત્તિઓમાં વાંધો આવશે કે જે પ્રવૃત્તિઓ સાધુઓની નિશ્રામાં અને તેમની મૂક સંમતિપૂર્વક જ થતી હોય છે કે તેમની પ્રેરણાથી થતી હોય છે.

બીજાઓનો તો મને ખ્યાલ નથી પણ મૂર્તિપૂજક સમાજ માટે તો હું ચોક્કસ કહીશ કે તેમાં ભાગ્યે જ એવો કોઈ સમુદાય બાકી હશે કે જેમના આચાર્ય ભગવંતો અને મુનિરાજોની નિશ્રામાં થતી દીક્ષાઓ, પ્રતિષ્ઠાઓ, યાત્રાસંઘો, ઉપધાનો કે અન્ય પ્રસંગોની મૂવી ફિલ્મ કે વિડિયો કેસેટ ઉતરતી ન હોય ! પાવરફૂલ લાઈટો સાથે અને ઇલેક્ટ્રીસીટી દ્વારા ઉતરતી આ ફિલ્મોમાં કે વિડિયોમાં ક્યાં કોઈને વાંધો રહ્યો છે હવે ?

જો ફંક્શનો અને કાર્યક્રમોની ફિલ્મો ઉતરી શકે તો પ્રવચનોની શા માટે ન ઉતરી શકે ? તમારા કોઈ સંઘ કે ઉપધાન જેવા ફંક્શનોની વિડિયો કેસેટ જોવામાં બીજા લોકોને કેટલો રસ હોય ? તે જોઈને કેટલા લોકો ધર્મ પામશે ?

એની સામે કોઈક સાધુના અસરકારક પ્રવચનોની કેસેટોથી કેટલો લાભ થાય છે અને કેટલા જીવો ધર્મ પામે છે તે પણ તપાસવું જોઈએ. મુક્તમને અને નિખાલસપણે લાભાલાભને વિચારવાની તૈયારી હોય તો, પ્રવચનોની ઓડિયો કેસેટો સાંભળીને કે વિડિયો કેસેટો જોઈને કેટલા લોકો ધર્મ પામ્યા છે અને કેટલાય લોકોના જીવનમાં કેવા કેવા પરિવર્તન આવ્યા છે તેના પ્રત્યક્ષ પુરાવાઓ તમને આજે અહીં મળી શકે એમ છે.

અઠવાડિયા પહેલા જ મારી પાસે એક પત્ર આવ્યો છે. અમેરિકામાં વસતા એક મહારાષ્ટ્રીયન ભાઈનો એ પત્ર છે. તેમાં તેઓ લખે છે કે 'મહારાજશ્રી, અમે તો તમારાથી ઘણે દૂર અમેરિકામાં વસીએ છીએ, મારા એક જૈન મિત્ર પાસેથી આપના 'શાંતસુધારસ' ગ્રંથ ઉપરના પ્રવચનોની ૬૫ કેસેટો મને મળી છે. રોજ એક એક કેસેટ હું નિયમિત સાંભળું છું. અત્યાર સુધીમાં એમાંની ૪૦ કેસેટો મેં સાંભળી લીધી છે.'

'બારે મહિના માંસાહાર કરનાર એવા મને આ કેસેટો સાંભળ્યા પછી, જીવનની એક નવી જ દૃષ્ટિ અને સુંદર પ્રેરણા મળી છે, અને ત્યારથી મેં સંપૂર્ણપણે માંસાહાર છોડી દીધો છે. હું શુદ્ધ શાકાહારી બની ગયો છું. બે મહિના પહેલા હું જાપાન ગયો હતો અને ત્યાં ધંધાર્થે એકાદ મહિનો રહેવું પડ્યું. ત્યાં મને ખાવાપીવાની ખૂબ મુશ્કેલીઓ પડતી હતી, જ્યાં જાઉં ત્યાં માંસાહારી ભોજન જ મળે, જો કે મારા તો વર્ષોના સંસ્કારો માંસાહારી ભોજન લેવાના હતા, એટલે હું કોઈ જાતની અરૂચિ વિના માંસાહાર કરી શકત પરંતુ આપના પ્રવચનોમાંથી મળેલી પ્રેરણાના આધારે હું મારી પ્રતિજ્ઞામાં અડગ રહ્યો છું. જાપાનમાં અનેક અગવડો વેઠીને પણ હું શુદ્ધ શાકાહારી રહી શક્યો છું. આ બધો પ્રભાવ આપની કેસેટોનો છે. પ્રવચનોની કેસેટો ઉતરાવીને આપે અમારા જેવા લોકો ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે !' વિગેરે...

રોજ માંસાહાર કરનાર અને પંચેન્દ્રિય પ્રાણીઓની હત્યા કરનાર એવી વ્યક્તિએ સદાને માટે માંસાહાર છોડ્યો અને જન્મે અજૈન હોવા છતાં, સાચા જૈન થવાના માર્ગે જીવન વાળ્યું, તેને શું આપણે ધર્મપ્રભાવના નહીં કહીએ ?

આવા તો ઘણા બધા દાખલાઓ છે. પ્રત્યક્ષ કોઈ પરિચય ન હોવા છતાં માત્ર પ્રવચનની કેસેટથી પણ અનેક વ્યક્તિઓએ રાગદ્વેષ છોડ્યાં છે, વર્ષોના વૈરાનુબંધ તોડ્યા છે અને ઘર ઘરમાં સ્નેહ, સૌજન્ય અને શાંતિના સામ્રાજ્ય ફેલાયા છે.

અરે, ક્યાંક તો કોઈ ત્યાગી આત્માઓના જીવનમાં કે ક્યાંક કોઈ સંઘમાં પણ આ કેસેટ શ્રવણના કારણે જ હૃદયની દુર્ભાવનાઓ ટળી છે અને સાચો આરાધકભાવ કેળવાયો છે. આના પ્રત્યક્ષ પુરાવાઓ રૂપે કેટલાય પત્રો અમારી ઉપર આવ્યા છે. અહીં એવા બે-ચાર પત્રો રજૂ કરું છું.

**એક સ્થાનકવાસી મહાસતીજીના ઉદ્‌ગારો :**

'આપના 'ક્ષમાપના' પ્રવચનની ટેપ સાંભળીને સર્વ જીવો પ્રત્યે મૈત્રીનો સાચો ભાવ ઉત્પન્ન થયો. મારે સહવાસી ત્રણ સાધ્વીજીઓ સાથે ઘણો સંઘર્ષ થઈ ગયેલ, જેથી તેમના મનને મેં ઘણું દુઃખ પહોંચાડેલ, અને તે બદલ ક્યારે ય પણ સાચા હૃદયથી ક્ષમા યાચી નહોતી. પર્યુષણપર્વ પણ એમ જ ચાલ્યા ગયા.'

'હમણાં બે દિવસ પહેલાં આપનું 'ક્ષમાપંના'નું વ્યાખ્યાન કેસેટ દ્વારા સાંભળ્યું. (અમારા એક શ્રાવક ટેપ લઈ આવ્યા હતા અને અહીં ઉપાશ્રયમાં સંઘને ભેગો કરીને એ કેસેટ સંભળાવી હતી ત્યારે) આ પ્રવચન સાંભળીને મારા મનમાં પણ ક્ષમાપનાના ભાવ ઉત્પન્ન થયા અને એ ત્રણે ય સહવર્તી સાધ્વીજીઓને મેં ખરા અંતઃકરણથી ખમાવ્યા છે.' વિગેરે...

## કેસેટ સાંભળી અને સંઘમાં સમાધાન થયું !

'અહીં વલવન ગામમાં શ્રીચંદ્રપ્રભુસ્વામીનું દેરાસર છે અને મારવાડી જૈનસમાજના થોડાં ઘર છે. સંઘમાં આપસમાં મનદુઃખ ઘણાં છે તેથી આ વર્ષે પર્યુષણપર્વની ઉજવણી પણ થઈ ન શકી, અને ભાદરવા સુદ :૧ ના ચૌદ સ્વપ્ન ઉતારી મહાવીર જન્મની ઉજવણી કરવાનું પણ મુલત્વી રહેલ.

સંઘમાં થયેલા મનદુઃખનું સમાધાન કરવા તથા સામુદાયિક રીતે સંવત્સરી પ્રતિક્રમણ કરવા માટેની ચર્ચા-વિચારણા ચાલુ હતી પણ કોઈ ઉકેલ આવતો ન હતો. લોનાવલામાં રહેતા સુરેશ નોવેલ્ટીવાળાને આ વાતની ખબર પડી. તેઓ આપશ્રીના 'ક્ષમાપના' પ્રવચનની વિડિયો કેસેટ, ટી.વી. તેમજ વિડિયો મશીન લઈને વલવન આવ્યાં, ભાદરવા સુદ ત્રીજની રાત્રે સકલસંઘને ઉપશ્રયમાં ભેગો કરી, રાતના નવથી બાર સુધી સૌને ક્ષમાપનાની કેસેટ બતાવી. તે પ્રવચનની અસર નાના મોટા બધાના મન ઉપર સારી પડી.

કેસેટ પૂરી થતાં રાતે જ ગામના અગ્રણી કાર્યકરોએ સહુને સમજાવ્યાં, સમાધાનની હિલચાલ આગળ વધી અને છેવટે ગઈકાલે ભાદરવાં સુદી ચોથના - સંવત્સરીએ બપોરે ત્રણ વાગે સંઘમાં સુખદ સમાધાન થઈ ગયેલ છે. સકલસંઘે ભેગા થઈ ચૌદ સુપનની બોલી બોલાવી, સુપન ઉતાર્યા અને પછી તરત જ સકલસંઘે સાથે બેસીને સાંવત્સરિક પ્રતિક્રમણ પણ કરેલ છે. આમ આપના પ્રવચનથી અમારા સંઘના પર્યુષણ સફળ થયાં છે, આપની કેસેટે ખરેખર ચમત્કાર સર્જ્યો છે ! લી. શ્રાવક સોમચંદ માલસીની વંદના.'

ઓરીસ્સા, કોચીન, ઇન્દોર, મુંબઈ, આફ્રિકા, અમેરિકા વિગેરે અનેક સ્થળોએથી, આવા હૃદય પરિવર્તનના કે જીવન પરિવર્તનના કિસ્સા જણાવતા અનેક પત્રો મારી પાસે આવ્યા છે. આવા અકલ્પ્ય પરિવર્તનોમાં પ્રવચનની ઓડિયો તથા વિડિયો કેસેટો એક સબળ માધ્યમ પુરવાર થયું છે !

જેમ બીજી અનેક બાબતોમાં ધર્મપ્રભાવનાના નામે ઘણું બધું નવું નવું આપણે અપનાવ્યું જ છે તેમ આને પણ સમજ પૂર્વક અને વ્યાપક રીતે અપનાવવામાં શા માટે ખચકાટ થવો જોઈએ ?

જેવું કેસેટોનું છે તેવું જ માઈક અંગે પણ છે. વિદ્વાન અને પ્રભાવક પ્રવચનકાર સાધુઓ જો માઈકનો ઉપયોગ કરવાની સંમતિ આપે તો ઘણાં વિશાળ ફલક સુધી ધર્મ પ્રસાર થઈ શકે અને હજારો આત્માઓનાં કલ્યાણમાં નિમિત્ત બની શકાય.

આ વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવામાં કદાચ કોઈ ઉધારપાસું દેખાતું હોય તો પણ તેના કરતાં જમાપાસું ઘણું મોટું છે, એમ તટસ્થરીતે વિચારતાં કોઈને પણ લાગ્યા વિના નહિ રહે. નીચે આપેલ બે પત્રોમાં રજૂ થયેલ વાતોને શાંતિથી વિચારશો તો આ વાતની પ્રતીતિ થઈ જશે.

**એક જૈનેતરભાઈનો વિચારપ્રેરક પત્ર :**

'હું જૈનેતર છું, જ્ઞાતિએ પટેલ છું. પણ તમારી જાહેરવ્યાખ્યાનમાળાનો નિયમિત શ્રોતા છું. સાચું કહું તો તમારા પ્રવચનમાં માનવમહેરામણ બહુ ઉભરાય છે તેવું સાંભળેલું તેથી (એક રવિવારે સંબંધીને ત્યાં માટુંગા મળવા જતાં) રસ્તામાં તમારું સ્થાનક આવતાં કૌતુક ખાતર હું બહાર ઊભો રહ્યો. માઈક દ્વારા

દૂરથી જ તમારું પ્રવચન સાંભળ્યું, મને ગમ્યું અને તમારી એ પ્રવચનવાણીથી પ્રભાવિત થઈને, આજે હવે હું દર રવિવારે તમારું પ્રવચન સાંભળવા બોરિવલીથી માટુંગા પહોંચી આવું છું એટલું જ નહિ મારા બીજા અંગત મિત્રોને પણ મેં પ્રેરણા કરી અને આમ એકમાંથી અમે અગિયાર વ્યક્તિ તમારા શ્રોતા બન્યા છીએ.'

'પહેલાં દર રવિવારે હું મિત્રો સાથે હોટલોમાં જઈ બીયર પીતો અને માંસાહારી ભોજન લેતો હતો, પરંતુ 'ગુરુ બીન જ્ઞાન ન પાયો' એ કહેવત અનુસાર તમારા સત્સંગથી અને પ્રવચનોથી મારું હૃદયપરિવર્તન થયું. હવે હું સંપૂર્ણ શાકાહારી બન્યો છું અને બીયર પીવાનું પણ છોડી દીધું છે. વળી મારા મિત્રોને પણ આ અવળા રસ્તેથી પાછા વાળવામાં હું સફળ થયો છું. વિગેરે... લી. રામજી પટેલ, બોરિવલી, તા. ૪-૧૧-૮૫'

માઈકના કારણે જ જે પ્રવચનશ્રવણ શક્ય બન્યું, રસ જાગ્યો, નિયમિત શ્રોતા બન્યા, પરિણામે ૧૧-૧૧ વ્યક્તિઓએ સદાને માટે માંસાહાર છોડ્યો અને એ રીતે જે સેંકડો જીવોને અભયદાન મળ્યું તેના જમાપાસાની સામે, માઈકના ઉપયોગનું કોઈ ઉધારપાસું હોય તો પણ તે ખૂબ નાનું છે એમ નથી લાગતું?

આવો જ બીજો એક વિચારપ્રેરક પત્ર અહીં રજૂ કરું છું.

**વિદેશથી આવેલા એક સ્વદેશીનો પત્ર :**

'માટુંગાના ચાતુર્માસ દરમ્યાન પર્યુષણપર્વ પ્રસંગે આપે 'ક્ષમાપના' વિશે આપેલ પ્રવચનની વિડિયો કેસેટ અમે ગઈકાલે અમારા દિવાનખાનામાં બેસીને ઘણાં ભાઈએ તથા બહેનોએ જોઈ. વ્યારા ગામમાં ડીશ કનેક્શનવાળા ટી.વી. ધરાવતા અનેક લોકોએ

પણ તે કેસેટ જોઈ છે. આપનું આ પ્રવચન ઘણું જ સુંદર, સમજવા જેવું તેમજ વિચારવા જેવું હતું.

આપે હિંમતપૂર્વક વિજ્ઞાનના સાધનોનો ઉપયોગ શરૂ કરીને જે એક નવો ચીલો જૈન ધર્મના પ્રચાર માટે પાડ્યો છે તે અત્યંત પ્રસંશનીય છે. કે જેના વડે વ્યારા જેવા દૂરના અને પછાત વિસ્તારમાં પણ અમે આધુનિક વિજ્ઞાનના સાધનો વડે આપને જોઈ-સાંભળી શક્યા છીએ.

માસ કોમ્યુનિકેશનના જમાનામાં મીડીયાના આજે ઉપલબ્ધ સાધનો વડે, પરસેવાનું એક બુંદ પણ વધારાનું પાડ્યા વગર, કરોડો લોકો સુધી પહોંચી શકાય છે તો શા માટે વિજ્ઞાનના આ ચમત્કારનો લાભ લઈને ધર્મના પ્રચાર માટે તેનો ઉપયોગ ન કરવો?

આશા રાખું છું કે આપણા બીજા મુનિમહારાજો પણ આપનું અનુકરણ કરે અને આપે પાડેલ ચીલે ચાલીને તેમની અમૃતવાણીનો લાભ અમારા જેવા અનેક લોકોને, તથા મુખ્ય શહેરોથી અને દેશથી પણ દૂર પરદેશમાં વસતા ભાવિકોને આપવાની કૃપા કરે.

અમે પહેલાં બાર વર્ષ સુધી કેનેડામાં વસવાટ કર્યો હતો, હાલ વ્યારા રહીએ છીએ. પરદેશમાં વસતા હતા ત્યારે પણ આ બાબતમાં મહારાજ સાહેબોને અનેકવાર વિનંતિઓ કરી હતી.

અહીં ભારતમાં આવ્યા પછી પણ એક જાણીતા મહારાજ સાહેબનું પ્રવચન સાંભળવા માટે એકવાર ગયા હતા, ત્યાં પણ મોડા પહોંચેલ હોવાથી પાછળ બેસવું પડ્યું, અને સમયની બરબાદી કર્યા છતાં તેમનું પ્રવચન સાંભળી શક્યા નહોતા. આ

બાબતમાં ઘરે આવ્યા પછી અમે તે મહારાજ સાહેબ પાસે લેખિત રજૂઆત કરી હતી તેમજ વૈજ્ઞાનિક સાધનોનો (માઈકનો) ઉપયોગ કરવા વિનંતિ કરી હતી. જેનો અમને કોઈ જ જવાબ મળ્યો નહોતો.

આ બાબતમાં આપે કરેલ પહેલ ખૂબ જ આવશ્યક તેમજ પ્રસંશનીય છે અને તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર. લી. છીતુભાઈ શાહના પ્રણામ.'

વ્યારાથી આવેલ આ પત્ર એટલો બધો સ્પષ્ટ છે કે તે અંગે બીજું કાંઈ વિવરણ કરવાની જરૂર લાગતી નથી. પ્રચારના આધુનિક માધ્યમોનો એકાંતિક વિરોધ કે સૂગ રાખવાને બદલે તેનો યોગ્ય સદુપયોગ કરી, ધર્મપ્રચાર અને સંસ્કૃતિરક્ષાના કાર્યને વધુ વેગવંતુ અને વ્યાપક બનાવવાનો સમય હવે આવી ચૂક્યો છે.

પ્રચારના આ બધા માધ્યમો આજે સમાજમાં અને ઘર ઘરમાં એટલાબધાં વ્યાપક બની ચૂક્યાં છે કે એનો સમૂળગો છેદ ઉડાડવો તો શક્ય જ નથી પરંતુ એ માધ્યમો દ્વારા ઘર ઘરમાં અને ઘટ ઘટમાં સારા તત્ત્વો કેમ ફેલાવી શકાય એ સદુપયોગનો વિકલ્પ જ વિચારવો જોઈશે અને તેમાં જ આપણી બુદ્ધિમત્તા અને ડહાપણ રહેલું છે.

જેમ ખરાબ અને નબળા સાહિત્યથી લોકોને બચાવવા માટે સારું અને સંસ્કારી સાહિત્ય ફેલાવવાનો વિકલ્પ આપણે સ્વીકાર્યો છે, તેમ ખરાબ ફિલ્મો અને ખરાબ પ્રોગ્રામોની સામે સારી ફિલ્મો, ધાર્મિક કેસેટો અને સારા પ્રોગ્રામોનો વિકલ્પ પણ આપણે સમાજને આપવો જ પડશે.

માત્ર નેગેટિવ અભિગમ અપનાવીને ખંડનાત્મક તેમજ જડતાભર્યો વિરોધ કરવાને બદલે, પોઝિટીવ દૃષ્ટિ અને રચનાત્મક અભિગમ અપનાવીને સારા વિકલ્પો રજૂ કરવા જ રહ્યાં !

લોકોને ખરાબ જ જોવું છે, ખરાબ જ વાંચવું છે કે ખરાબ જ સાંભળવું છે એવું નથી. સારું જોવા, વાંચવા કે સાંભળવા પણ લોકો તૈયાર જ છે. જો યોગ્ય રીતે અને રસમય શૈલીમાં રજૂઆત કરવામાં આવે તો. અને તેનું પ્રત્યક્ષ દ્રષ્ટાંત રામાનંદ સાગરની 'રામાયણ' સીરીયલ છે.

હજારો વર્ષથી ગવાતી અને કહેવાતી રામાયણની કથાને સેંકડો કથાકારો જેટલી ન ફેલાવી શક્યા તેથી અનેકગણો વધુ ફેલાવો રામાનંદ સાગરની ટી.વી. સીરીયલે કરી બતાવ્યો ! જ્ઞાતિ, કોમ, ધર્મ અને સંપ્રદાયના બધા જ ભેદોને ભૂલીને, લાખ્ખો અને કરોડો લોકો પોતાના બધાં જ કામ પડતાં મૂકીને, એકરસથી અને ઉત્કંઠાથી રામાયણ જોવા બેસી જાય અને સંસ્કૃતિની એ પવિત્ર ભાવગંગામાં વહેતા થઈ જાય એ શું ઓછી સિદ્ધિ છે ?

આધુનિક માધ્યમોનો - મીડીયાનો જો બુદ્ધિપૂર્વકનો સદુપયોગ કરવામાં આવે તો, અલ્પ સમયમાં અને અલ્પ પ્રયત્ને સારી વાતોનો ફેલાવો પણ કેટલો ઝડપી અને કેટલો વ્યાપક કરી શકાય છે, તેનો આથી વધુ સારો બીજો ક્યો પૂરાવો હોઈ શકે ?

આપણી ધર્મસંસ્કૃતિ પાસે અને જૈનસંઘ પાસે પણ વિશ્વને આપવા જેવા ઘણાં મૂલ્યવાન તત્ત્વો છે, ઘણી ગૌરવવંતી વાતો છે પરંતુ એ બધું દુનિયાના ખૂણે ખૂણે પહોંચાડવાનો આપણે નિષ્ઠાભર્યો કોઈ પુરુષાર્થ જ કર્યો નથી.

સાંપ્રદાયિક સંકુચિતતાઓ, જડતાભરી માન્યતાઓ અને મનના બાંધેલા પૂર્વગ્રહો છોડીને, ઉદાર અને વ્યાપક દ્રષ્ટિકોણ સાથે, નિષ્ઠાપૂર્વક ધર્મપ્રચારના આ યજ્ઞકાર્યમાં હજી પણ આપણે લાગી જઈએ તો કેવું સારું !

જૈન સમાજના આવા ઘણા બધા પ્રશ્નો વિશે ઉપેક્ષા દાખવીને અને ઊંઘતા રહીને આપણે ઘણું મોટું નુકશાન વેઠ્યું છે, પણ હવે તો આ ઊંઘને ખંખેરવી જ રહી. અને એટલે જ આજે હું તમને પ્રેમપૂર્વક જગાડવા આવ્યો છું અને હૃદયથી પોકારું છું કે **'જાગ રે... જૈન સમાજ !'**

❑

**સંપાદકીય નોંધ :**

આ પ્રેરક પ્રવચનમાં મુનિશ્રીએ વિદેશમાં જૈનધર્મનો પ્રચાર, ધાર્મિક શિક્ષણ, સંસ્થાઓનો વહીવટ આદિ પ્રશ્નો પણ ટૂંકમાં ચર્ચ્યા હતા. સમયના અભાવે એ પ્રશ્નોની વિશદ રીતે અને ઊંડાણપૂર્વક છણાવટ થઈ શકી ન હતી તેથી એ પ્રશ્નોની રજૂઆત અહીં કરી નથી.

જૈનસંઘના ભાવિ અંગે ખૂબ જ આશાવાદી વિચારો અને જૈનસમાજની વર્તમાન પરિસ્થિતિઓ માટે ખૂબ જ સંવેદનાભરી લાગણીઓ વ્યક્ત કરીને મુનિશ્રીએ પોતાનું પ્રવચન પૂર્ણ કર્યું હતું.

**'જૈનસંઘની એકતા'** અને **'વિદેશોમાં ધર્મપ્રચાર'** અંગેના બે લેખ આ પ્રવચન પછી અલગ પરિશિષ્ટ તરીકે મૂકવામાં આવ્યા છે. તે પણ શાંત ચિત્તે વાંચવા - વિચારવા સહુને પ્રેમપૂર્વકની ભલામણ છે.

**- અશોક શાહ**

❑

# જૈન એકતા : બંધુત્રિપુટીની દ્રષ્ટિએ
## [ એક મનનીય ઈન્ટરવ્યુ ]

*પ્રશ્ન : જૈન સંઘની એકતા વિષે આપનો શું અભિપ્રાય છે ?*

ઉત્તર : જૈન સંઘની એકતા આજના યુગમાં વહેલામાં વહેલી તકે થાય એ જરૂરી છે. એમાં તો કોઈનો ય બેમત ન હોઈ શકે. પરંતુ જૈન સંઘની હાલની જે છિન્ન ભિન્ન પરિસ્થિતિ છે, તે જોતાં આવી એકતાનું સ્વપ્ન સાકાર થવું બહુ મુશ્કેલ લાગે છે.

શ્વેતામ્બર, દિગમ્બર, સ્થાનકવાસી અને તેરાપંથી એ ચાર મુખ્ય સંપ્રદાયોમાં પણ એકેકના પેટા સંપ્રદાયો, ગચ્છો અને વાડાઓ એટલાં બધાં વધી ગયાં છે કે, એ બધાંને કેવી રીતે એક કરવા, કેવી રીતે એકતા લાવવી એ ગંભીર વિચારણા માંગી લે એવો વિષય છે. છતાં કોઈ પણ સહૃદય વિચારક ગમે તેમ કરીને પણ જૈન એકતા સધાય એવી ઝંખના સેવતા હોય એ સ્વાભાવિક છે. પરિસ્થિતિ ગમે તેવી વિકટ હોય છતાંય નિરાશ તો ન જ થવું જોઈએ.

આઝાદી પહેલાં ભારત સેંકડો રજવાડાઓમાં વહેંચાયેલું હતું અને દરેક રજવાડાના ઠાકોર કે રાજા પોતાની જાતને ચક્રવર્તી માનીને જ વર્તતા. એવી કંઈક પરિસ્થિતિ અત્યારે જૈન ધર્મના નાના નાના સંપ્રદાયો અને તેના ધાર્મિકનેતાઓની છે.

જે રીતે સરદાર પટેલે સેંકડો રજવાડાઓમાં વહેંચાયેલા ભારતને એક અખંડિત સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે ખડું કર્યું, તેમ જૈન સંઘને પણ એક અખંડિત મહાવીર શાસનના રૂપમાં જોનાર અને એ સ્વપ્નને સાકાર કરવાની કુનેહ અને દીર્ઘદ્રષ્ટિ ધરાવનાર કોઈક સરદારની તાતી જરૂર છે.

*પ્રશ્ન : આપની દ્રષ્ટિએ જૈન સંઘની આવી છિન્ન ભિન્ન અવસ્થાનું કારણ શું? ક્યા પરિબળો એકતામાં અંતરાયરૂપ છે?*

ઉત્તર : ભગવાન મહાવીરે આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે ધર્મસંઘની સ્થાપના કરી તે પછી લગભગ પાંચ સૈકાઓ સુધી જૈન સંઘ એક અને અખંડ રહ્યો. તે પછી પહેલ વહેલા તેના શ્વેતામ્બર અને દિગમ્બર એવા બે ફાંટાઓ પડ્યા.

ત્યાર પછી પાછા ૬૦૦-૭૦૦ વર્ષે શ્વેતામ્બર સંપ્રદાય તપગચ્છ, અંચલગચ્છ, ખરતરગચ્છ વિગેરે ગચ્છોમાં વહેંચાઈ ગયો. ત્યાર બાદ પાછા પાંચસો વર્ષે એટલે કે, આજથી લગભગ ચારસો વર્ષ પૂર્વે લોકાગચ્છ અને સ્થાનકવાસી સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યા. સ્થાનકવાસીઓમાંથી જ આગળ જતાં બસ્સો વર્ષે તેરાપંથ સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યો. એ જ રીતે દિગમ્બર પરંપરામાં પણ કાળે કાળે પેટા સંપ્રદાયો અસ્તિત્વમાં આવતા રહ્યા.

એક જ ધર્મના અનુયાયીઓમાં આચાર વિચારના નાના નાના મતભેદો ઊભા થતા ગયા અને એ મતભેદો મનભેદોમાં પરિણમતા ગયાં અને એમાં વ્યક્તિગત અહંની વૃત્તિઓ ભળતી ગઈ તેમ તેમ સત્યરક્ષા, શાસનરક્ષા અને ધર્મરક્ષાના અંચળા હેઠળ સંપ્રદાયવાદ ફાલતો ફૂલતો ગયો.

ભગવાન મહાવીરે પ્રબોધેલી વિશ્વમૈત્રીની ભાવના ખાલી શબ્દોમાં રહી ગઈ પરંતુ હૃદયમાંથી ભૂંસાતી અને ભૂલાતી ગઈ. એ જ રીતે વિરોધાભાષી લાગતી વાતોનો પણ સમન્વય કરવાનું સામર્થ્ય ધરાવનાર ભગવાન મહાવીરનો મુખ્ય સિદ્ધાંત સ્યાદ્વાદ (અનેકાંતવાદ) ભૂલાઈ ગયો, પોતાનાથી ભિન્ન વિચાર અને ભિન્ન આચાર ધરાવનાર વ્યક્તિ અને સમૂહો પ્રત્યેની સહિષ્ણુતા અને ઉદારતા ઓછી થતી ગઈ તેમ તેમ ધર્મના નામે પણ ઝઘડા અને રાગ-દ્વેષ વધતા ગયા. સંપ્રદાયવાદ અને વ્યક્તિવાદ વકરતો ગયો. પરિણામે વિશ્વ કલ્યાણકાર જૈન સંઘ આજે છિન્ન ભિન્ન સ્થિતિમાં મૂકાઈ ગયો છે.

*પ્રશ્ન : આજની આ છિન્ન-ભિન્ન પરિસ્થિતિમાંથી બહાર આવવા અને એકતાનું સર્જન કરવા શું કરવું જોઈએ? આ કાય કોણ કરી શકે?*

ઉત્તર : જૈન સંઘ સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા રૂપ ચાર વિભાગોમાં વહેંચાયેલો છે પરંતુ એમાં વર્ચસ્વ સાધુસંઘનું ને તે તે સંપ્રદાયના આચાર્યોનું જ વધારે છે.

સંપ્રદાયના વડાઓ, વિદ્વાન સાધુ-સાધ્વીજીઓ જો સંકુચિત દ્રષ્ટિમાથી મુક્ત થઈ ભગવાન મહાવીરની અનેકાંતદ્રષ્ટિને અપનાવી, સમસ્ત જૈન સંઘના ગૌરવ કાજે પોતાના વ્યક્તિગત માનપાન અને અહમ્-મમનો ત્યાગ કરીને જૈનસંઘના ઉજ્જવળ ભાવિના સર્જન કાજે સમર્પણની ભાવના સાથે, જો એકતાનું વાતાવરણ સર્જવાનો સંકલ્પ કરે અને એ માટે સતત પ્રયત્નશીલ રહે, તો જ આ કાર્યમાં ધીરે ધીરે પણ સફળતા મળી શકે. શ્રાવકસંઘના અગ્રણીઓનો સાથ તેમને મળવો જોઈએ.

બહારથી એકતાની વાતો કરનારા કે એકતાનો દેખાવ કરનારા પરંતુ અંદરથી સાંપ્રદાયિકમાનસ ધરાવતા સાધુઓ કે શ્રાવકોથી આવું કાર્ય થઈ શકવાનું નથી, આજે તો એકતાના દેખાવો અને વાતો ઘણી થાય છે પણ એ વાતો કરનારાઓની આંતરિક મનોવૃત્તિઓ જ્યારે ખ્યાલમાં આવે છે ત્યારે સહૃદયી વિચારકોને આઘાત થયા વગર રહેતો નથી.

ટૂંકમાં, આજે જૈનસમાજને વિશાળ દ્રષ્ટિવાળા નમ્ર છતાં મક્કમ, પ્રભાવશાળી અને એકતાના ભેખધારી, વિદ્વાન અને વિશાળહૃદયી સાધુ-સાધ્વીઓની તાતી જરૂર છે, જૈન એકતાનું સ્વપ્ન તેઓ જ સિદ્ધ કરી શકશે. નાના નાના આચાર વિચારના મતભેદોને ગૌણ કરી જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંત, રાગદ્વેષની મંદતાને (સમતાને) કેન્દ્રમાં રાખીને જ આ કાર્ય થઈ શકે. અનેકાંતવાદ અને સ્યાદ્‌વાદનો ખરેખરો ઉપયોગ પહેલાં ઘરમાં જ (જૈન સંઘની એકતા માટે) કરવાનો છે.

*પ્રશ્ન : જૈન સંઘની એકતા માટે આપે શું પ્રયાસો કર્યા છે? અને આપ ક્યા પ્રયત્નો કરી શકો ?*

ઉત્તર : અમે તો બહુ નાના સાધુ છીએ. છતાં આ અંગેની સમજણ સ્પષ્ટ થઈ છે. અને જ્યારે મોકો મળ્યો ત્યારે સહજભાવે આ માટેના પ્રયત્નો કર્યા છે.

ભિન્ન ભિન્ન સંપ્રદાયો અને ગચ્છોના સાધુ-સાધ્વીજીઓ સાથે પ્રેમથી હળવું-મળવું, મુક્ત મને ચર્ચાઓ અને વાર્તાલાપ કરવા, અન્ય ગચ્છ અને સંપ્રદાયોના ધાર્મિક કાર્યક્રમોમાં પ્રેમપૂર્વક ભાગ લેવો, કોઈની નિંદા, ટીકામાં ન પડવું, વ્યક્તિગત અથવા

સંપ્રદાયના હિતને બદલે વિશાળ જૈનસંઘના તથા સમગ્ર ભારતીય સંસ્કૃતિના હિતને, ગૌરવને નજરમાં રાખીને કાર્ય કરવું, એ અમારી પદ્ધતિ રહી છે. ઘણા ઉદાહરણો આપી શકાય એમ છે.

અમારું માટુંગામાં ચાતુર્માસ હતું ત્યારે તપગચ્છની પરંપરામાં દીક્ષિત થયા હોવા છતાં અમે અંચલગચ્છ, તપગચ્છ અને પાર્શ્વચંદ્રગચ્છ એ ત્રણેય ગચ્છોના સંઘોને તેમની પરંપરા મુજબ અલગ અલગ રીતે પર્યુષણ પર્વની આરાધના ખૂબ પ્રેમથી કરાવી હતી. તેમ જ સંવત્સરીના દિવસે સકલસંઘ સાથે (લગભગ ત્રણ હજાર ભાઈ-બહેનો સાથે) માટુંગાના અન્ય ગચ્છો અને સ્થાનકવાસી ઉપાશ્રયોમાં પણ ક્ષમાપના કરવા અમે સામે ચાલીને પ્રેમથી ગયા હતા. જેનો ખૂબ જ સારો પ્રતિભાવ અમને દરેક સ્થળેથી મળ્યો હતો અને એકતાનું સુંદર વાતાવરણ સર્જાયું હતું.

હવેના યુગમાં માત્ર જૈનોની એકતા નહીં પરંતુ ભૌતિકવાદ સામે અધ્યાત્મવાદને જીવંત રાખવા માટે સમગ્ર ભારતીય સંસ્કૃતિના અંગરૂપ બધા ધર્મ સંપ્રદાયોની એકતા જરૂરી છે. અને તેથી જ્યારે જ્યારે પ્રસંગ આવે ત્યારે અન્ય ધર્મના વડાઓ સાથે અમે એક મંચ પર બેસીને ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યોમાં ભાગ લીધો છે.

દાખલા તરીકે મોરારીબાપુની રામાયણસપ્તાહમાં પૂર્ણાહુતિ પ્રવચન કરવા ગયેલા, વિશ્વ હિન્દુ પરિષદ આયોજિત એકાત્મતા યજ્ઞની ચોપાટીની વિશાળ સભામાં સ્વામી ચિન્મયાનંદજી તેમજ અન્ય અનેક ધર્માચાર્યો સાથે બેસીને ભારતીય સંસ્કૃતિની એકતા અને રક્ષા માટેના અમારા વિચારો વિશાળ મેદની સમક્ષ રજૂ

કરેલા. એ જ રીતે શારદાપીઠના (દ્વારકા) શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજી, ભારતમાતા મંદિરના સ્થાપક સ્વામી સત્યમિત્રાનંદગિરિજી (નિવૃત શંકરાચાર્ય), દિવ્યજીવનસંઘના પ્રમુખ સ્વામી ચિદાનંદજી, રામકૃષ્ણમિશનના સ્વામી જિતાત્માનંદજી, સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખ સ્વામીજી તથા હરિપ્રસાદ સ્વામીજી વગેરે અનેક નામી-અનામી ધર્માચાર્યો સાથે અનેકવાર મળવાનું અને જાહેરમાં પ્રવચનો આપવાનું બન્યું છે.

આ અંગેનો અમારા દ્રષ્ટિકોણ અને અભિગમ ખૂબ સ્પષ્ટ છે અને તેથી જૈનસંઘની એકતા માટેકે સમગ્ર ભારતીય સંસ્કૃતિના ગૌરવ માટે જૈન સંપ્રદાયો કે અન્ય ધર્મ સંપ્રદાયો સાથે નિકટ આવવા માટેની અમારી હંમેશા તૈયારી રહી છે અને રહેશે.

*પ્રશ્ન : એકતા પછીનો જૈનસંઘ કેવો હશે ?*

ઉત્તર : એ તો ભવિષ્ય જ કહેશે. આપણે અત્યારે કલ્પના જ કરવાની રહી. છતાં એ માટે જૈન સમાજના જાણીતા લેખક અને કાર્યકર સ્વ. શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીયાએ વર્ષો પહેલાં લખેલું 'નવયુગનો જૈન' પુસ્તક વાંચવાની હું ભલામણ કરું છું. જૈનસંઘના ભાવિ અંગે અમે ખૂબ આશાવાદી છીએ.

❑

# વિદેશોમાં ધર્મ પ્રચાર

## [ જૈનસંઘનું કર્તવ્ય ]

*[ 'જૈન સોશ્યલ ગ્રુપ- માટુંગા'ના ઉપક્રમે મુંબઈમાં યોજાયેલ પ્રવચનમા પૂજ્ય મુનિશ્રી જિનચંદ્રજી મહારાજે વિદેશોમાં વધતી જતી ધમ જિજ્ઞાસા અને તે અંગેની આપણી જવાબદારીઓ વિશે રસપ્રદ છણાવટ કરી હતી તે વિચાર પ્રેરક પ્રવચનના કેટલાક અંશો સંકલિત કરીને અહીં રજૂ કરીએ છીએ. ▫ સંપાદક ]*

સમગ્ર વિશ્વ આજે સંક્રાતિકાળમાંથી પસાર થઈ રહ્યું છે. વિશ્વમાં દરેક ક્ષેત્રે એક જબરદસ્ત મનોમંથન ચાલી રહ્યું છે અને સૈકાઓ જૂની વ્યવસ્થાઓ અને માન્યતાઓમાં આમૂલચૂલ પરિવર્તન આવી રહ્યું છે.

જગતના દરેક દેશોમાં રાજકીય, સામાજીક, આર્થિક અને ધાર્મિક ક્ષેત્રે નોંધપાત્ર કહી શકાય તેવા ફેરફારો આકાર લઈ રહ્યા છે. સમગ્ર વિશ્વનું રાજકારણ આજે કરવટ બદલી રહ્યું છે.

વિશ્વની બે મહાસત્તાઓ -રશિયા અને અમેરિકા, જે આજ સુધી એકમેકની દુશ્મન ગણાતી હતી, પૂર્વગ્રહથી પીડાતી હતી, એકબીજા સાથે વાત કરવા કે વિશ્વાસ મૂકવા ય તૈયાર ન હતી તે પણ આજે સામ સામે બેસી, વિચાર વિનિમય દ્વારા એકમેકના દષ્ટિબિંદુને સમજવા અને શાંતિનું વાતાવરણ સર્જવા કટીબદ્ધ થયેલ છે અને જીવલેણ અણુશસ્ત્રોના ભંડારો હળવા કરવા તૈયાર છે.

રશિયાના ગોર્બાચોવ સૈકાઓ જૂની બંધિયાર વ્યવસ્થામાં ફેરફાર કરી, ત્યાંની પ્રજાને મુક્ત રીતે વિચારવાની, વ્યક્તિગત વિકાસ કરવાની અને જીવન જીવવાની નૂતન કેડી કંડારી રહ્યા છે. એક નૂતન સમાજનું નિર્માણ કરવાના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નોમાં લાગી ગયા છે.

બીજા વિશ્વયુદ્ધના પરિણામે ચણાયેલી બર્લિનની વર્ષો જૂની દિવાલો તૂટી ગઈ છે અને બે વિભાગોમાં વહેંચાઈને વિખૂટી પડેલી જર્મન પ્રજા એકમેકને પ્રેમથી ભેટી રહી છે. યુરોપના રાજકીય ઈતિહાસમાં એક નવું પૃષ્ઠ ખૂલી ગયું છે.

આ બાજુ દક્ષિણ આફ્રિકામાં પણ અક્કડ અને જૂલ્મી ગણાતી ગોરી સરકારને ઝૂકવું પડ્યું છે, કાળા અને ગોરાના શરમજનક રંગભેદો ભૂંસાવા લાગ્યા છે. ૨૬ વર્ષનો કારાવાસ ભોગવીને, મુક્તિની લડતના પ્રણેતા નેલ્શન મંડેલા આજે ફરી આફ્રિકાની કાળી પ્રજાના ઉત્થાન કાર્યમાં પરોવાઈ ગયા છે. એમનું વિશ્વના અનેક દેશોમાં સન્માન થઈ રહ્યું છે.

જેમ જેમ વિશ્વમાં રાજકીયક્ષેત્રે પરિવર્તનનો પવન ફૂંકાયો છે તેમ સામાજીક ક્ષેત્રે પણ ઝડપી પરિવર્તન આવતું આપણે જોઈ રહ્યા છીએ. આજથી ૨૫-૫૦ વર્ષ પહેલાં જે રીતરિવાજો હતા તે આજે ક્યાં જોવા મળે છે ? સામાજીક રીતરિવાજોની જેમ કૌટુંબિક વ્યવસ્થાઓ પણ બદલાઈ રહી છે. રહેણી-કરણી, ખાણી-પીણી અને પહેરવેશમાં સમૂળગી ક્રાંતિના દર્શન થઈ રહ્યા છે.

પહેલાં ઉઘાડા માથે ફરવું એ અસભ્યતા ગણાતી, આજે ટોપી અને પાઘડીઓ ક્યાં જોવા મળે છે ? પહેલાં ઘરમાં વડિલોની

સામે યુવાન સ્ત્રીઓ લાજ કાઢ્યા વિના આવી નહોતી શકતી, આજે લાજ કાઢનારી સ્ત્રીઓ કેટલા ઘરોમાં જોવા મળશે ? આ બધા પરિવર્તનોને આપણે સહજતાથી સ્વીકારી જ લીધા છે ને?

આર્થિકક્ષેત્રે પણ એક જબરજસ્ત ક્રાંતિ આવી છે. ખેતી પ્રધાન ગણાતા આ દેશમાં પણ નવા નવા ઉદ્યોગો શરૂ થઈ રહ્યા છે. આ ઔદ્યોગિક ક્રાંતિએ જરીપુરાણી અર્થવ્યવસ્થાઓનું આખું માળખું જ બદલી નાખ્યું છે. યાતાયાતની સગવડો વધી જવાના કારણે ઔદ્યોગિક મેળાઓમાં જગતભરના વેપારીઓ સહભાગી બની રહ્યા છે. અને પોતપોતાના યંત્રોની તથા ઉત્પાદનોની આપ-લે કરી રહ્યા છે. વિજ્ઞાને અવનવી શોધો દ્વારા જગતભરની પ્રજાને એકમેકની ખૂબ નજદિક લાવીને એક નૂતન નવરચનાનું કાર્ય આરંભી દીધું છે.

ધાર્મિકક્ષેત્રે પણ રૂઢીગત પ્રણાલિકાઓ અને સ્વીકૃત માન્યતાઓમાં ય પરિવર્તનનો પવન ફૂંકાયો છે. ભારતના ધાર્મિક ઈતિહાસમાં આપણે ડોકિયું કરીએ તો આપણને જણાશે કે ભારતમાં પ્રાચીનકાળથી જ મુખ્યત્વે ત્રણ વિચારધારાઓ કે તત્ત્વદર્શનો ચાલી આવે છે. (૧) સનાતન ધર્મ (૨) બૌદ્ધ ધર્મ અને (૩) જૈન ધર્મ - આ ત્રણેય ધર્મના પાયાઓ મજબૂત છે, ત્રણેય પરંપરાઓને અનુસરનારાઓનો વિશાળ વર્ગ પણ મળતો રહ્યો છે અને દરેકને પ્રતિષ્ઠિત ધર્મગુરુઓ પણ મળ્યા છે.

હિંદુ ધર્મના પ્રચારાર્થે સ્વામી વિવેકાનંદે અમેરિકાની ભૂમિ ઉપર જઈ ત્યાંની પ્રજામાં હિંદુ સંસ્કૃતિનું આકર્ષણ જગાડ્યું અને ગૌરવ વધાર્યું. આજે અન્ય સંત-સાધુઓ પણ વારંવાર યુરોપ,

અમેરિકા, આફ્રિકા વિગેરે દેશોના પ્રવાસે જાય છે અને સનાતન ધર્મની જ્યોત વધુને વધુ પ્રજ્વલિત કરી રહ્યા છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્વાન સંતોએ વિદેશોમાં ધર્મ પ્રચારનું વ્યાપક અને વ્યવસ્થિત આયોજન કરીને એક નવો ઈતિહાસ સર્જ્યો છે.

તમને જાણીને કદાચ આશ્ચર્ય થશે કે એક સમયે ભારતમાં જે રીતે ખ્રિસ્તી ધર્મનું આક્રમણ શરૂ થયું હતું અને કેળવણીને માધ્યમ બનાવી વટાળ પ્રવૃતિનું કાર્ય જોરશોરથી ચાલતું હતું તેનાથી ઊંધું આજે હિંદુ ધર્મના તત્ત્વજ્ઞાને તથા ભારતીય સંસ્કૃતિની ગૌરવવંતી વાતોએ યુરોપ-અમેરિકાની પ્રજામાં ઘેલું લગાડ્યું છે.

આજે વિદેશોમાં ઠેકઠેકાણે ખ્રિસ્તી દેવળો વેચાવા લાગ્યા છે અને એ જ સ્થળે હિંદુ મંદિરો, સ્વામિનારાયણના મંદિરો અને જૈન દેરાસરો બંધાવા શરૂ થયા છે, મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાઓ થવા લાગી છે, હરે કૃષ્ણ હરે રામની ધૂનો ગાજતી થઈ છે.

ભારતની યોગ વિદ્યાએ જબરું આકર્ષણ ઉભું કર્યું છે અને ઠેકઠેકાણે ધ્યાન કેન્દ્રો ખૂલવા લાગ્યા છે. હજારો લોકો માંસાહારનો ત્યાગ કરીને શુદ્ધ શાકાહારી થતા જાય છે. સ્વામી વિવેકાનંદે વિદેશની ધરતી ઉપર રોપેલું હિંદુ ધર્મનું બીજ આજે વિશાળ વટવૃક્ષ રૂપે ફાલીફૂલી રહ્યું છે.

હિંદુ ધર્મની જેમ બૌદ્ધ ધર્મ પણ આજે દુનિયાના અનેક દેશોમાં ફેલાઈ ચૂક્યો છે. બૌદ્ધ ધર્મનો જન્મ ભલે ભારતમાં થયો પણ તેનો સંદેશો લઈને બૌદ્ધ ભિક્ષુઓ વિશ્વના અન્ય દેશોમાં

બૌદ્ધ ધર્મના પ્રચારાર્થે ગયા. પરિણામે આજે તિબેટ, સિક્કિમ, ભૂતાન, બર્મા, ચીન, જાપાન, થાઈલેન્ડ, હોંગકોંગ વિગેરે અનેક દેશોમાં બૌદ્ધ ધર્મ ત્યાંનો મુખ્ય ધર્મ કે રાજય ધર્મ બની ચૂક્યો છે.

ગુજરાત જેટલું ક્ષેત્રફળ ધરાવતા થાઈલેન્ડ જેવા નાનકડા દેશમાં પણ લગભગ ૨૭ હજાર બૌદ્ધ મંદિરો અને મઠો બૌદ્ધ ધર્મની ધજા ફરકાવી રહ્યા છે. મલેશિયા જેવા દેશમાં, જ્યાં મુસ્લિમ સમાજની વસતી વિશેષ છે અને રાજ ધર્મ ઈસ્લામ છે - ત્યાં પણ બૌદ્ધ ધર્મના સેંકડો મંદિરો અને કલાત્મક પેગોડા છે, જે બૌદ્ધ ધર્મના વ્યાપક પ્રચારની ગવાહી પૂરે છે. ગત વર્ષે અમે જ્યારે સિંગાપોર, થાઈલેન્ડ અને મલયેશિયાની ધર્મ યાત્રાએ ગયા ત્યારે ત્યાં આ બધું નજરે નિહાળ્યું છે.

હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મની જેમ જ ભારતની અત્યંત પ્રાચીન ત્રીજી પરંપરા જૈન ધર્મની છે. જૈન વિચારધારામાં ધર્મ અને વિજ્ઞાનનો અદ્‌ભૂત સમન્વય થયો છે.

એક કાળે ભારતના વિવિધ ભાગોમાં અને વિદેશોમાં પણ જૈનધર્મનો પ્રચાર હતો પરંતુ આજે દુઃખ સાથે કહેવું પડશે કે આપણે દેશકાળને ઓળખવામાં ઉણા ઉતર્યા છીએ. આપણે ધર્મને રૂઢીઓ ઉપરછલ્લા ક્રિયાકાંડો અને ચીલાચાલુ સ્થિતિમાં બંધિયાર બનાવીને બેસી ગયા છીએ. પરિવર્તનની દિશામાં આપણે વિચારવા પણ તૈયાર નથી.

ગૌતમ બુદ્ધ અને ભગવાન મહાવીર બન્ને સમકાલીન હોવા છતાં બૌદ્ધ ધર્મ એશિયાભરમાં ફેલાઈ ગયો. આખાને અખ્ખા દેશો બૌદ્ધ ધર્મના અનુયાયીઓ બની ગયા, જ્યારે જૈનધર્મને આપણે

અન્ય દેશો તો નહિ પણ પૂરા ભારતમાં ય ફેલાવી શક્યા નથી. ભારતના એક ગામડામાં ય પૂરેપૂરો પ્રચાર કરી શક્યા નથી.

આજે આપણે એમ કહેવાની સ્થિતિમાં નથી કે કોઈ એક પૂરો દેશ, ભારતનું કોઈ એક રાજ્ય, અરે, એકાદ જિલ્લો કે કોઈ એકાદ ગામ પણ સંપૂર્ણ જૈન ધર્મીઓનું હોય. આપણો ધર્મ પૂર્ણ વૈજ્ઞાનિક અભિગમ ધરાવતો હોવા છતાં આ પરિસ્થિતિ છે.

જે ધર્મનું પ્રવર્તન વિશ્વના સર્વ જીવો માટે થયેલું છે. જે ધર્મની ઉપર વિશ્વના સર્વ જીવોનો અધિકાર છે અને વિશ્વને આજે જેની સહુથી વધુ જરૂર છે તેવા અત્યંત વૈજ્ઞાનિક અને વ્યવહારૂ આ વિશ્વધર્મને આજે આપણે આપણી ચાર દિવાલોની વચ્ચે જાણે કે, કેદ કરી દીધો છે ! વિશ્વના વિશાળ ફલક સુધી આ ધર્મને પહોંચાડવાનો જાણે કે આપણે કોઈ પ્રયત્ન જ કરતા નથી ! દૃષ્ટિપૂર્વકનું તેવું કોઈ આયોજન આપણે કરી શક્યા નથી.

શું એમ નથી લાગતું કે આપણે દેશકાળના પ્રવાહોને ઓળખવામાં ઉણા ઉતર્યા છીએ ? આપણે ધર્મને પણ રૂઢીઓ, આડંબરો અને સાંપ્રદાયિક માન્યતાઓની ચીલાચાલુ સ્થિતિમાં જ બંધિયાર કરીને બેસી ગયા છીએ !

આપણે જરૂરી પરિવર્તનનો પણ વિરોધ કરતા રહીશું અને રૂઢીગત વિચારધારામાં રચ્યાપચ્યા રહીશું તો કદાચ જૈનધર્મને તેના પૂર્ણ પરિવેશમાં ટકાવવા અસમર્થ બની રહીશું... જૈનધર્મને વિશ્વધર્મ ક્યારેય પણ નહિં બનાવી શકીએ. અને ભવિષ્યની પ્રજા આપણને એ માટે જવાબદાર ગણીને ક્યારેય માફ નહિ કરે.

વિશ્વના અનેક દેશો આજે સંસ્કૃતિના મૂલ્યવાન તત્ત્વોને તથા જૈનધર્મના વૈજ્ઞાનિક સિદ્ધાંતોને જાણવા-અપનાવવા આતુર છે પરંતુ આપણે તેને આધુનિક શૈલીમાં અને નવા સંદર્ભમાં પ્રસ્તુત કરવા તૈયાર છીએ ખરા ? એ માટે પરંપરાગત માન્યતાઓમાં કે બાહ્ય રીતરિવાજોમાં કદાચ થોડા ઘણા ફેરફારો કરવા પડે તો તે કરવાની આપણી તૈયારી છે ખરી ?

❑

દેશવિદેશમાં થયેલા પૂજ્ય બંધુત્રિપુટી મુનિવરોના પ્રેરણાદાયી પ્રવચનોની ૨૦૦ થી પણ વધુ ઓડિયો કેસેટો અને લગભગ ૧૦૦ જેટલી વિડિયો કેસેટો પ્રગટ થઈ ચૂકી છે, જેનું લીસ્ટ આ પુસ્તકના અંત ભાગમાં આપેલું છે. આ કેસેટો તથા પૂજ્ય બંધુત્રિપુટી મુનિવરોના મનનીય પુસ્તકો વિગેરેનું પ્રકાશન છેલ્લા પંદર વર્ષથી પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ દ્વારા થઈ રહ્યું છે. વધુ માહિતી માટે નીચેના સરનામે સંપર્ક કરો.

**પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ**

શાંતિનિકેતન સાધનાકેન્દ્ર

મુ. તીથલ - ૩૯૬ ૦૦૬ જિ. વલસાડ (દ.ગુજરાત)

**ફોન** : (૦૨૬૩૨) ૪૮૦૭૪

**ફેક્સ** : (૦૨૬૩૨) ૪૭૯૭૪

## પૂજ્ય બંધુત્રિપુટી મહારાજના
## દેશ-વિદેશમાં થયેલા હૃદયસ્પર્શી પ્રવચનોની
## ઓડિયો - વિડિયો કેસેટોનું લીસ્ટ

### સહુને રસ પડે તેવા જાહેર પ્રવચનો

૧/૨ અમારા સાધુજીવનના અનુભવો ભાગ : ૧-૨
૩. ચેત, ચેત, નર ! ચેત...
૪. નહિ ઐસો જનમ બારબાર
૫. પળમાં પાપને પેલે પાર
૬. મૃત્યુની મંગલ યાત્રા
૭. રામાયણમાં જીવન દૃષ્ટિ
૮. જાત સાથે મુલાકાત
૯. પ્રારબ્ધ અને પુરુષાર્થ
૧૦. સંસ્કારોનાં ગુણાકાર
૧૧. વ્યક્તિ મટી હું બનું વિશ્વમાનવી
૧૨. સત્સંગનું રહસ્ય
૧૩. દીપાવલિનો દિવ્ય સંદેશ
૧૪. ચાલો જીવનની દિશા બદલીએ
૧૫. જીવનમાં શાંતિ, સમાજમાં ક્રાંતિ
૧૬. સહજીવનની સફળતાનું મૂળ
૧૭. એક વાક્યે જીવન અજવાળ્યું
૧૮. જીવનના રંગો પલટાય છે
૧૯. જીંદગી જીતવાની જડીબુટ્ટીઓ
૨૦. જીવન જીવવાની કળા
૨૧. જીવનને જીવી જાણો
૨૨. મૃત્યુને માણી જાણો

૨૩. સ્વાત્માને ઓળખીએ
૨૪. જીવાત્માઓ સાથે મૈત્રી બાંધીએ
૨૫. સંસ્કૃતિ અને ચાર પુરુષાર્થ
૨૬. યુવા જગતની મૂંઝવણ અને માર્ગદર્શન
૨૭. મનવા, તું રાવણ, તું રામ !
૨૮. સંસ્કૃતિ પૂર્વની અને પશ્ચિમની
૨૯. મૈત્રીની આરાધના
૩૦. સેવાની સુવાસ
૩૧. પ્રસન્નતાની પગદંડીઓ
૩૨. અહિંસાની આરાધના
૩૩. હું અનાથ છું
૩૪. કરૂણાની ઉપાસના
૩૫. માનવ જીવનની સફળતા
૩૬. ગુણાનુરાગી બનો
૩૭. જન્મદિને જિનચન્દ્રજીના હૃદયોદ્ગાર
□ એકવીસમી સદી ઝંખે છે વિશ્વશાંતિને
□ વનવિહારનો આનંદ
□ શ્રીકૃષ્ણનો જીવનસંદેશ
□ વિદેશયાત્રાના અનુભવો

**સુખ દુઃખનું મનોવિજ્ઞાન સમજાવતા પ્રવચનો**

૩૮. દુઃખથી ડરે તે બીજા
૩૯. દુઃખમાં દીન ન બનો
૪૦. સુખમાં લીન ન બનો
૪૧. સુખ તમને શોધે છે.
૪૨. સહુના સુખમાં મારું સુખ
૪૩. સુખ દુઃખની ઘટમાળ

## ભક્તિયોગ વિશેના પ્રવચનો

૪૪. પ્રભુ ચરણે સમર્પણ
૪૫. પતિત પાવન તારું નામ
૪૬. પતન અને પુનરુત્થાન
૪૭. ભક્તિ અપાવે મુક્તિ
૪૮. પરમાત્માને શરણે જઈએ
૪૯. ચમત્કારો આજે પણ બને છે
૫૦. ભક્ત હૃદયની પ્રાર્થના
૫૧. પ્રભુ સાથે પ્રીત
૫૨. આવો, પ્રભુને પીછાણીએ

## પર્યુષણ પર્વ પ્રસંગે થયેલા પ્રવચનો

૫૩/૫૪ પર્યુષણપર્વનો પ્રાણ : ક્ષમાપના ભાગ : ૧-૨
૫૫/૫૬ ક્ષમાપના : બીજું પ્રવચન ભાગ : ૧-૨
૫૭. ક્ષમાપનાના પ્રાચીન દ્રષ્ટાંતો
૫૮. ક્ષમાપનાની સત્ય ઘટનાઓ
૫૯. આત્મસિદ્ધિનો રસાસ્વાદ
૬૦. પર્વાધિરાજ પર્યુષણ ભાગ : ૧-૨
૬૧. સાધર્મિક ભક્તિનું મહત્વ
૬૨/૬૩ માતૃભક્ત મહાવીર ભાગ : ૧-૨
૬૪. પ્રભુ મહાવીરના પૂર્વભવો
૬૫/૬૬ પ્રભુની અચિંત્ય શક્તિ ભાગ : ૧-૨
૬૭. જૈનધર્મમાં પ્રભુ ભક્તિ
૬૮. સાંવત્સરિક આલોયણા
૬૯. સંવત્સરી પ્રતિક્રમણની સમજૂતી
૭૦. જયવીયરાય સૂત્રનો રસાસ્વાદ

૭૧. ઉવસગ્ગહરં સ્તોત્ર મહિમા
૭૨. ગ્રન્થાધિરાજ કલ્પસૂત્ર
૭૩/૭૪ કલ્પસૂત્ર વિશે જાણવા જેવી વાતો ભાગ : ૧-૨
૭૫. શ્રાવકના વાર્ષિક ૧૧ કર્તવ્યો
૭૬. પર્યુષણપર્વના પાંચ કર્તવ્યો
૭૭. શ્રાવકજીવનના દૈનિક કર્તવ્યો
૭૮. ગુણાનુરાગની સાધના
૭૯/૮૦ પ્રભુ મહાવીરની પ્રાપ્તિ અને પ્રદાન ભાગ : ૧-૨
૮૧. પ્રભુ મહાવીરનો જીવનસંદેશ
૮૨. પ્રભુ મહાવીરનો ધર્મ
૮૩. ધર્મની પરિભાષા : કલ્યાણકારી ધર્મ
૮૪. કર્મના બંધ-અનુબંધ ભાગ : ૧-૨

## ધર્મનો મર્મ સમજાવતા મનનીય પ્રવચનો

૮૫. જૈનધર્મનો સાર : એક શ્લોકમાં
૮૬. શુદ્ધ ધર્મની શોધમાં
૮૭. ધર્મનો મર્મ
૮૮. ધર્મ એ શું ધતીંગ છે ?
૮૯. સમાજ અને ધર્મ
૯૦. ધર્મ : એક જટીલ સમસ્યા
૯૧. ધર્મની વૈજ્ઞાનિક વ્યાખ્યા
૯૨. ધર્મનું મૂળ : કરૂણા
૯૩. આજના યુગમાં ધર્મ
૯૪. ચાલો, ધર્મને સમજીએ
૯૫. ધર્મ પ્રાપ્તિના ત્રણ પગથીયા
૯૬. ધર્માશ્રિત રાજ્ય કે રાજ્યાશ્રિત ધર્મ ભાગ : ૧-૨
૯૭. જીવન વિકાસના પાંચ પગથીયાં

## જૈનધર્મ વિષયક વિશિષ્ટ પ્રવચનો

૯૮. શંખેશ્વર તીર્થનો ઈતિહાસ
૯૯. જૈન સંસ્કૃતિમાં આચાર્યોનું પ્રદાન
૧૦૦. કાદવમાં કમળ (સ્થૂલિભદ્રજી)
૧૦૧. અમર બલિદાન (હરિભદ્રસૂરિજી)
૧૦૨. જૈનત્વની જાગૃતિ
૧૦૩. પાર્શ્વનાથ આરાધના
૧૦૪. નવકાર મંત્રનો મહિમા
૧૦૫. ગૌતમસ્વામી આરાધના
૧૦૬. પદ્માવતી સાધનાનું મહત્વ
૧૦૭. સરસ્વતી સાધનાનું મહત્વ
૧૦૮. જ્ઞાનપંચમીની આરાધના
૧૦૯. જૈનત્વનું ગૌરવ
૧૧૦/૧૧૧ જૈન દર્શનની ઝલક ભાગ : ૧-૨
૧૧૨. મહાવીર વાણી

## હિન્દીભાષામાં થયેલા પ્રવચનોની કેસેટો

११३/११४ धर्म : जीवन जीनेकी कला भाग : १-२
११५ भारतीय ऋषियोंकी जीवन द्रष्टि
११६ जैनधर्ममें कर्म का तत्वज्ञान
११७ मानवजीवन की महानता
११८ भक्ति की शक्ति
११९ धर्म की परिभाषा
१२० जीवन विकासकी पगदंडीयां
१२१/१२७ जैन दर्शनमें कर्मविज्ञान भाग १ से ७

**દરેક જિજ્ઞાસુઓએ અવશ્ય સાંભળવા જેવા**
**પૂજ્ય બંધુત્રિપુટી મહારાજના પ્રવચનોની**
**વિશિષ્ટ વ્યાખ્યાનમાળાઓના સેટ**

મહોપાધ્યાય શ્રીવિનયવિજયજી મહારાજે રચેલ 'શાંતસુધારસ' ગ્રંથના આધારે મુંબઈમાં થયેલા, શાંતિની સુધા વર્ષાવતા દ્રષ્ટાંતસભર અત્યંત મનનીય પ્રવચનોની ૬૫ કેસેટનો સેટ

**■ શાંતસુધારસ વ્યાખ્યાનમાળા ■**

*પ્રવક્તા : પૂજ્યશ્રી જિનચન્દ્રજી મહારાજ*

●

જૈનધર્મના મૂલ્યવાન તત્વો - દેવ, ગુરુ અને ધર્મનું સાચું સ્વરૂપ સમજાવતાં અને નવપદનો તાત્વિક પરિચય કરાવતાં પ્રવચનોની ૧૦ કેસેટનો સેટ

**■ સિદ્ધચક / નવપદ વ્યાખ્યાનમાળા ■**

*પ્રવક્તા : પૂજ્યશ્રી જિનચન્દ્રજી મહારાજ*

●

**■ દર્શન પૂજન વિધિ : પ્રવચનો ■**

(ચાર કેસેટનો સેટ)

●

યોગ, ધ્યાન અને અધ્યાત્મમાં રસ ધરાવતા જિજ્ઞાસુઓએ અવશ્ય સાંભળવા જેવા અને જૈનદૃષ્ટિએ યોગમાર્ગના આઠ પગથિયાની વિશદ છણાવટ કરતાં મનનીય પ્રવચનોની ૧૪ કેસેટનો સેટ

**■ અષ્ટાંગયોગ વ્યાખ્યાનમાળા ■**


*પ્રવક્તા : પૂજ્યશ્રી કીર્તિચન્દ્રજી મહારાજ*

●

ભક્તિયોગના માર્ગે આગળ વધતાં જિજ્ઞાસુઓએ અવશ્ય સાંભળવા જેવા, ભક્તિમાર્ગનું રહસ્ય સમજાવતાં મનનીય પ્રવચનોની ૭ કેસેટનો સેટ

**■ ભક્તિયોગ વ્યાખ્યાનમાળા ■**

*પ્રવક્તા : પૂજ્યશ્રી કીર્તિચન્દ્રજી મહારાજ*



દેશ-વિદેશમાં બંધુત્રિપુટી તરીકે જાણીતા ક્રાન્તિકારી ત્રણ જૈન મુનિવરોમાં સૌથી નાના મુનિશ્રી જિનચન્દ્રજી મહારાજ માતા સરસ્વતીના કૃપાપાત્ર તેજસ્વી વક્તા છે. તેમની હૃદયસ્પર્શી મધુરવાણી પથ્થરદિલને પણ પીગળાવી શકે છે. કચ્છથી કેલિફોર્નિયા સુધી યોજાયેલાં તેમના હૃદયસ્પશી પ્રવચનોએ જીવનપરિવર્તનનો એક નવો ઈતિહાસ સર્જ્યો છે.

તીથલના સમુદ્રતટે લીલીછમ વૃક્ષવાડીઓ વચ્ચે શાંતિનિકેતન સાધના કેન્દ્ર છેલ્લા પંદર વર્ષથી તેમની આત્મસાધનાનું અને લોકકલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે, જયાં તેમનું સાન્નિધ્ય માણવા દેશ-વિદેશથી જિજ્ઞાસુઓનો પ્રવાહ સતત વહેતો રહે છે.